॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ઓક્ટોબર ૨૦૧૪
રૂા. ૫/૦૦



## નૂતન વર્ષાભિનંદન

દીવાળી તથા
નવા વર્ષના
અભિનંદન સાથે
જયશ્રી સ્વામિનારાયણ

સંવત ૨૦૭૧નું નવું વર્ષ આપના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહ ભક્તિમાં વૃધ્ધિ કરનારું તેમજ શ્રીજીમહારાજની આજ્ઞા અને ઉપાસનામાં દ્રઢતા લાવનારું થાય. નૂતન વર્ષ આપને સ્વાસ્થ્યસભર આરોગ્ય, કુટુંબમાં પારસ્પરિક આત્મીયતા સાથે સંપ વધારનારું નીવડે, આરંભેલા સત્કાર્યો નિર્વિઘ્ને સંપન્ન થાય, કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, આદિ અંતઃશત્રુઓનું બળ ઘટે અને સત્સંગનું બળ વધે, સત્સંગમાં દાસાનુદાસના ભાવ સાથે સત્સંગને સમર્પિત થવાય એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

લી. મહંત પુરાણી
સ્વામી ધર્મનંદનદાસજી



# ૪૧માં વાર્ષિક પાટોત્સવ – બોલ્ટન મંદિર યુ.કે.

કથા શ્રવણ કરતા હરિભક્ત ભાઈ-બહેનો, આચાર્ય મહારાજશ્રી અને બ્રહ્મનિષ્ઠ સંતોનું સાંનિધ્ય,
અભિષેક કરતા આચાર્ય મહારાજશ્રી તથા સંતો અને યજમાનો














॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક




## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૧૦ - ઓકટોબર – ૨૦૧૪
સળંગ અંક - ૩૪૬

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

જીવનમાં શ્રધ્ધાનું આગવું મહત્ત્વ છે. શ્રધ્ધાનો સંબંધ હૃદય સાથે છે. શ્રાધ્ધપક્ષમાં શ્રધ્ધાપૂર્વક શ્રાધ્ધક્રિયા કરી પિતૃઓને પરિતૃપ્ત કરી ભૂદેવોને આદરસત્કાર સહ દાન-દક્ષિણા અર્પણ કરી પિતૃઋણ અદા કરવાનો સંતોષ અનુભવ્યો. શ્રાધ્ધ પછી આવ્યા નોરતા. આદ્યશક્તિની આરાધના કરવાના દિવસો એટલે નવરાત્રિ. આ નવ દિવસ દરમ્યાન હિન્દુઓનો શ્રધ્ધાભાવ વિભિન્ન રીતે અભિવ્યક્તિ થાય છે.

આ માસમાં આપણે પ્રકાશપર્વ દિવાળી ઉજવશું. આંતરશત્રુઓના આક્રમણને કારણે હૃદયમાં વ્યાપેલા અંધકારને અધ્યાત્મના અજવાળે દૂર કરી, પવિત્રતાનો પ્રકાશ પાથરી પુણ્ય કમાવાનો પર્વ એટલે દીપોત્સવ. ભગવાન શ્રીરામના જીવનમાંથી સદાચારી સદ્‌ગુણોને આત્મસાત કરવાનો આ પર્વ છે. દિવાળીના બીજા દિવસથી નવા વર્ષનો પ્રારંભ થાય છે, ત્યારે વડીલોને વંદન કરી સૌ પરસ્પર સદ્‌ભાવનાઓ સાથે શુભેચ્છાઓની આપ-લે કરે છે. પરંપરાગત રીતે નૂતન વર્ષની ઉજવણી તો સૌ કરે. ચાલો આપણે આપણા જન્મને સાર્થક બનાવવા નૂતન વર્ષ નિમિત્તે કેટલાક કલ્યાણકારી સંકલ્પો કરીએ. કેટલાક સંકલ્પો સૂચવીએ છીએ, તેમાંથી જીવન સાથે વણી લેવાના સંકલ્પો તમે જાતે જ પસંદ કરો.

સંકલ્પો :-

- આપણે એ ક્યારેય ન ભૂલીએ કે આપણું અસ્તિત્વ આપણા માતા-પિતાના કારણે જ છે. તેમને ક્યારેય કચવાવીશ નહિં, તેમની નિરંતર સેવા કરી મારું ઋણ અદા કરીશ. (ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં.)
- પોતાના ભાઈ-બહેન કે અન્ય કુટુંબીજન અને સ્નેહીઓ સાથે મનમાં કડવાશ હોય, અબોલા હોય તો તે બધું દૂર કરી, ક્ષમા યાચના કરીને ક્ષમા આપીને હું સંબંધો સુધારી લઈશ અને આત્મીયતા સાથે સંબંધો જાળવીશ.
- જો કોઈ વ્યસન હશે તો તે દૂર કરીશ.
- દરરોજ દેવ-દર્શન કર્યા બાદ જ ભોજન કરીશ.
- યથાશક્તિ દીનઃદુખિયાની મદદ કરીશ અને આર્થિક સહાય કરીશ.
- રાષ્ટ્રીય સમસ્યાઓના નિરાકરણ માટે હું સતત જાગૃત રહીશ અને મારી શક્તિ અને યોગ્યતા અનુસાર નિરાકરણ કરવા પ્રયત્ન કરીશ.
- ગરીબ વિદ્યાર્થીઓ પૈકી કેટલાક વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કરવા માટે શિષ્યવૃત્તિ આપી મદદરૂપ થઈશ.
- મારા અંગત જીવનને ઉર્ધ્વગામી બનાવવા અને પ્રભુ પ્રસન્નતા અર્થે પ્રાર્થના, પ્રાતઃપૂજા, મંત્ર, જાપ, માળા, ધ્યાન, યોગ દ્વારા આંતરશુધ્ધિ કરીશ તેમજ ભક્તિના માર્ગે ચાલીશ.
- વડીલો, સંતો અને સદ્‌ગુરુઓની વંદના કરી પૂરતું સન્માન આપીશ.
- હંમેશા સાચું બોલીશ અને દરેક સાથે પ્રેમભર્યો વ્યવહાર કરીશ.
- માનવ માત્ર સાથે સદ્‌ભાવનાથી વર્તીશ.
- ક્યારેય કોઈનું બૂરું થાય તેવાં કાર્યો કરીશ નહીં.

આ સંકલ્પો પાર પાડવાની શક્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાન સૌને આપે એજ દીવાળી તથા નૂતનવર્ષની શુભકામના.

જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક–૩૫

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



શિક્ષાવલ્લીનો ત્રીજો અનુવાક

આ અનુવાકમાં પાંચ પ્રકારની સંહિતાઓ અને તેની ઉપાસના વિષે જ્ઞાન આપવામાં આવ્યું છે. આચાર્ય પોતાના શિષ્યની વૈદિકયુગમાં કેવી રીતે કલ્યાણની શુભ કામના કરતા હતા અને ગુરુ-શિષ્યમાં સંબંધ કેવો પ્રગાઢ અને પવિત્ર હતો. આવી ઉત્તમ ભાવનાને આ અનુવાકમાં અભિવ્યકત કરવામાં આવી છે.

" सह नौ यशः । सह नौ ब्रह्मवर्चम्" इत्यादि - ગુરુ દેવતાઓની પ્રાર્થના કરે છે કે અમારા બન્ને (ગુરુ-શિષ્ય)નો યશ એક સાથે વધે, અમારા બન્ને (ગુરુ-શિષ્ય)નું બ્રહ્મતેજ એક સાથે વધે. આવી શુભેચ્છા પ્રગટ કર્યા પછી ગૂઢ વિષયની ચર્ચા કરતાં ગુરુ પ્રતિજ્ઞા કરે છે કે અમે બન્ને (ગુરુ-શિષ્ય) સંહિતા વિષયક ઉપનિષદના રહસ્યની વ્યાખ્યા કરીશું.

(સંહિતાનો અર્થ અતિ વ્યાપક છે - જેવી રીતે વેદો અને ઋચાઓનું સંકલન 'સંહિતા' કહેવાય છે, તેમજ બે શબ્દોની સંધિ ને પણ 'સંહિતા' કહેવાય છે. તેવી જ રીતે સંસારના વિષયમાં બે એવી વસ્તુઓનો સંયોગ થાય છે ત્યારે ત્રીજી જ વસ્તુની વિશેષ રચના થાય તે 'મહા સંહિતા' કહેવાય છે. સંસારમાં એવી પાંચ 'મહાસંધિ'ઓ અથવા 'મહાસંહિતા'ઓ છે જેનું વર્ણન આ અનુવાકમાં કરવામાં આવ્યું છે.

(૧) પહેલી સંહિતા.

अथाधिलोकम् । - પહેલી સંહિતા લોક વિષયક છે, જેમાં પૃથ્વી પૂર્વરૂપ છે, સ્વર્ગ ઉત્તર રૂપ છે, બન્નેની વચે રહેલ આકાશ બન્નેની સંધિ છે અને વાયું તેનું સંધાન છે.) ( દરેક સંધિમાં ચાર ભાગ હોય છે - પૂર્વ વર્ણ, પરવર્ણ, બન્નેના સંયોગથી બનનાર રૂપ અને બન્નેને જોડનાર નિયમ અથવા સંધાન. વ્યાકરણના આ નિયમ પ્રમાણે જ મહાસંહિતાઓનું સ્વરૂપ નિર્ધારિત થાય છે.)

(૨) બીજી સંહિતા.

अथाधिज्योतिषम् । બીજી સંહિતા જ્યોતિ વિષયક છે. જેમાં 'અગ્નિ' પૂર્વરૂપ અથવા પરવર્ણ છે, 'સૂર્ય' જેનું ઉત્તરરૂપ છે, આ બન્નેના મળવાથી બનનારુ રૂપ મેઘ છે અને વિદ્યુત શક્તિ જ સંધાન અથવા નિયમ છે.

(૩) ત્રીજી સંહિતા

अथाधिविद्यम् ત્રીજી સંહિતા 'વિદ્યા' વિષયક છે.

'ગુરુ' પૂર્વરૂપ છે, 'શિષ્ય' ઉત્તર (પર)રૂપ છે. બન્નેના મળવાથી ઉત્પન્ન થયેલી 'વિદ્યા' સંધિ છે અને ગુરુ દ્વારા આપેલ ઉપદેશ (બ્રહ્મજ્ઞાન) સંધાન અથવા 'નિયમ' છે.

(૪) ચોથી સંહિતા

अथाधिप्रजम् । ચોથી સંહિતા પ્રજા વિષયક છે. આ સંહિતામાં 'માતા' પૂર્વ રૂપ છે, 'પિતા' ઉત્તર રૂપ છે, બન્નેના મિલનથી ઉત્પન્ન થનાર 'સંતાન' (પુત્ર-પુત્રી) સંધિ છે અને પ્રજનન તે સંધિનું સંધાન અથવા કારણ છે.

(૫) પાંચમી સંહિતા

अथाध्यात्मम् । પાંચમી સંહિતા આત્મા વિષયક છે. મુખનું નિચેનું જડબું પૂર્વરૂપ (વર્ણ) છે, ઉપરનું જડબું ઉત્તરરૂપ (વર્ણ) છે. બન્નેના મળવાથી ઉત્પન્ન થનાર વાણી સંધિ છે અને જિહ્વા આ વાણીરૂપી સંધિનું સંધાન અથવા કારણ છે. આ અનુવાકના અંતિમ મંત્રમાં કહેલું છે કે જે મનુષ્ય આ પંચમહાસંહિતાઓના રહસ્યને જાણી લે છે તે સંતાન, પશુ, બ્રહ્મતેજ અને ખાનપાન આદિ જીવન ઉપયોગી વૈભવ સંપન્ન થઈને સ્વર્ગના સુખને પ્રાપ્ત કરે છે.

ચોથો અનુવાક

ચોથા અનુવાકમાં ૐકાર દ્વાર પ્રાર્થના તથા ઐશ્વર્ય પ્રાપ્તિના મંત્રો.

આ અનુવાકના પ્રારંભમાં પરમેશ્વરની પ્રાર્થના કરવામાં આવી છે કે - यश्छन्दसामृषभो विश्वरूपः । જે ૐકાર (પ્રણવ) વેદોનો સર્વશ્રેષ્ઠ છે. તે મંત્ર ૐકારને ધારણ કરનાર ઉપાસક કહે છે, હે દેવ ! હું આપની કૃપાથી વિદ્યાને ધારણ કરનારો થાઉ, મારૂં શરીર સ્ફુર્તિ વાળું અર્થાત્ સર્વ પ્રકારના રોગ રહિત શરીર થાય, મધુરવાણી બોલનાર જિહ્વા થાય અને શુભ શબ્દોને સાંભળનાર મારા બન્ને કાન થાય તેમજ ગુરુપાસેથી જે જ્ઞાન પ્રાપ્ત થાય તે ગોપનીય રહે અર્થાત્ તે જ્ઞાનના રહસ્યની રક્ષા થાય તેવી દેવતાઓની પ્રાર્થના કરવામાં આવી છે.

ત્યાર પછી ઐશ્વર્ય મેળવવાની રીત કહેતા કહે છે

आवहन्ती वितन्वाना कुर्वाणाचीरमात्मनः ।
वासांसि मम गावश्च, अन्नपाने च सर्वदा ।
ततो मे श्रियमावह । लोमशां पशुभिः सह स्वाह

ઈત્યાદિ આવા મંત્રો દ્વારા આહુતિથી અનેક પ્રકારનાં વસ્ત્રો, ગાયો, ખાવા-પીવાનાં પદાર્થો, રૂંવાટાં વાળાં ઘટાં-બકરાં વગેરે પશુધનની પ્રાપ્તિ થાય છે. ત્યારપછીના મંત્રમાં બ્રહ્મચારીઓને બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિ કરવી તથા ઈન્દ્રિયોને વશમાં રાખવા માટે અગ્નિને આપવામાં આવતી આહુતિનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યારપછી ધન પ્રાપ્તિ, યશ અને ભગવાનના દિવ્યરૂપની પ્રાપ્તિ માટે કેવીરીતે હવન કરવો જોઈએ તેનો વિધિ બતાવવામાં આવ્યો છે.

(૧) यशो जनेऽसानि स्वाहा । - યશ પ્રાપ્તિ માટે આ મંત્રનો ઉચ્ચારણ કરીને અગ્નિમાં આહુતિ આપવી જોઈએ.

(૨) श्रेयान् वस्यसोऽसानि स्वाहा - અખૂટ ધન અને સંપત્તિની પ્રાપ્તિ માટે આ મંત્ર બોલીને અગ્નિમાં આહુતિ આપવી જોઈએ.

(૩) तं त्वा भग प्रविशानि स्वाहा - સાધકે ભગવાનના દિવ્યસ્વરૂપની પ્રાપ્તિ માટે આ મંત્રનો ઉચ્ચારણ કરીને અગ્નિમાં આહુતિ આપવી જોઈએ.

(૪) स मा भग प्रविश स्वाहा - આ મંત્રની આહુતિથી યજ્ઞકર્તામાં ભગવાનનું દિવ્ય તેજ પ્રવેશ કરે છે.

(૫) तस्मिन् सहस्त्रशाखे निभगाहं त्वयि मृजे स्वाहा - આ મંત્ર દ્વારા મન વિશુદ્ધ રૂપથી ભગવાનનાં હજાર શાખાવાળા દિવ્યરૂપનાં દર્શન પ્રાપ્ત થાય છે. ત્યારપછી આ અનુવાકના છેલ્લામાં મંત્રમાં પ્રાર્થના કરવામાં આવી છે કે - જેવી રીતે નદિઓ સમુદ્રમાં જઈને મળી જાય છે, જેવીરીતે વર્ષ કાળના પ્રવાહમાં સમાઈ જાય છે તેવી જ રીતે 'वितन्वाना शमायन्तु ब्रह्मचारिणः स्वाहा।' ગુરુ પ્રાર્થના કરે છે કે - મારી પાસે જુદી જુદી દિશાઓમાંથી બ્રહ્મચારી વિદ્યાર્થીઓ આવીને જ્ઞાન ગ્રહણ કરે અને પોતાના જીવનને ઉજ્જ્વલ કરે.

પાંચમો અનુવાક

આ અનુવાકમાં ચાર રહસ્યમય વ્યાહ્યતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. ‘ક્રહ્રુક્રળ્ષ્ટ·ઃ ગ૭·બ્થ્થ્ભ ·ક્ર ષ્મક્રબ્જીભક્ષ્ંક્શ્ચ પ્રુક્રદ્રભરુઃ ત્ન ’ ‘ભૂ’ ’ભુવ’અને ‘સ્વ’ આ આ ત્રણ મંત્ર પહેલાં ઘણા પ્રસિદ્ધ હતા. સમય જતાં મહાચમસના પુત્રે ચોથો મંત્ર ‘મહ’ ની ઉપાસના પ્રારંભ કરી. આ ચોથી વ્યાહ્યતિ જ બ્રહ્મરૂપ અને પહેલાં ત્રણ મંત્રોના આત્મા છે. ‘ભૂ’ નો સંબંધ પૃથ્વી લોકથી છે, ‘ભુવ’ નો સંબંધ અંતરિક્ષ લોકથી છે અને ‘સ્વ’ નો સંબંધ સ્વર્ગલોકથી છે. ‘મહ’ સૂર્ય (આદિત્ય)ના સ્વરૂપને પ્રગટ કરે છે જેનાથી આ ત્રણે જગત્ પ્રકાશિત થાય છે. તેથી આ ચારે મંત્રોના સંયોગથી જ પૂર્ણ ઉપાસના થાય છે. હવે બીજા અર્થમાં વ્યાહ્યતિઓની વ્યાખ્યા કરે છે. ‘ભૂ’ નો બીજો અર્થ અગ્નિ પણ થાય છે અને ‘ભુવ’ નો અર્થ વાયુ થાય છે તથા ‘સ્વ’ સૂર્ય છે આ સંદર્ભમાં ‘મહ’ ચંદ્રમાનું પ્રતિનિધિ કરે છે. (આ રહસ્યમય અર્થમાં વાસ્તવમાં ‘ભૂ’ (અગ્નિ)નું તાત્પર્ય વાણી થી છે કારણ કે વાણીના અધિષ્ઠાતા અગ્નિ દેવતા છે, ‘ભુવ’ (વાયુ)નો તાત્પર્ય ત્વચાથી છે કારણ કે ત્વચાના અધિષ્ઠાતા છે, ‘સ્વ’ (સૂર્ય)નો તાત્પર્ય ચક્ષુ (આંખ)થી છે કારણ કે સૂર્ય આંખના અધિષ્ઠાતા દેવતા છે. ‘મહ’ (ચન્દ્રમા)નું તાત્પર્ય મનથી છે કારણ કે ચંન્દ્રમા મનના અધિષ્ઠાતા દેવતા છે. મનની સહાયતાથી બધી ઈન્દ્રિયો પોત પોતાની ક્રિયામાં પ્રવર્તે છે તેથી ઉપનિષદમાં મનરૂપી પરબ્રહ્મની ઉપાસના કરવાની વાત આવે છે.

વેદોના સંદર્ભમાં - ‘ભૂ’ ઋગ્વેદ છે, ‘ભુવ’ સમવેદ છે, ‘સ્વ’ યજુર્વેદ છે તથા ‘મહ’ જ પરબ્રહ્મ છે.

પ્રાણોના સંદર્ભમાં - ‘ભૂ’ પ્રાણ છે, ‘ભુવ’ અપાન છે, ‘સ્વ’ વ્યાન છે તથા ‘મહ’ અન્ન છે. કારણ કે અન્નથી જ બધા પ્રાણો પુષ્ટ થાય છે. આ અનુવાકના અંતમાં કહેવામાં આવ્યું છે કે - એક એકની ચાર ચાર અર્થાત્ સોળ પ્રકારની વ્યાહ્યતિઓના રહસ્યોને જાણી લે છે તે દેવતાઓને પ્રિય થાય છે.

નીચે પ્રમાણે સોળ વ્યાહૃતિઓ છે

ભૂઃ (૧) પૃથ્વીલોક (૨) અગ્નિ
(૩) ઋચાઓ (૪) પ્રાણ

ભુવઃ (૧) અન્તરિક્ષ (૨) વાયુ
(૩) સામમંત્રો (૪) અપાન

સ્વઃ (૧) સ્વર્ગલોક (૨) આદિત્ય
(૩) યજુર્મંત્ર (૪) વ્યાન

મહઃ (૧) આદિત્ય (૨) ચન્દ્રમા
(૩) બ્રહ્મ (૪) અન્ન

ક્રમશઃ

## ઓક્ટોબર–૨૦૧૪ મહિનાની આગામી કથાઓ

| તારીખ | ગામનું નામ | યજમાનશ્રી |
|---|---|---|
| ૨-૧૦-૧૪ થી ૮-૧૦-૧૪ | ભુજ | નાઈરોબી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ ૭ દિવસની ભુજ બંને મંદિરમાં |
| ૨૮-૧૦-૧૪ થી ૫-૧૦-૧૪ | થાણા (મુંબઈ) | કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ થાણામાં કથા પારાયણ નવાહ પારાયણ જ્ઞાન યજ્ઞ. ૯ દિવસ ઉનંતી ગાર્ડન શિવનગર |
| ૨૮-૧૦-૧૪ થી ૧-૧૧-૨૦૧૪ | ભુજ | કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની ૧૧ મી નિવાસી પાંચ દિવસીય સત્સંગ શિબિર શરૂ થશે. |
| ૨૫-૧૦-૧૪ થી ૨૯-૧૦-૧૪ | પ્રસાદી મંદિર | અ.નિ. નાથાભાઈ મનજી વેકરીયાના મોક્ષાર્થે પાંચ દિવસની શ્રી નિષ્કુળાનંદકાવ્ય ભુજ કથા પારાયણ પ્રસાદી મંદિરમાં |

# પ્રામાણિકતા

લેખક :- રાઘવાણી રામબાઈ પરબત
- બળદિયા(નીચલોવાસ)

આજે કળિકાળના કાળા પડદા પાછળ પ્રામાણિકતા ખોવાઈ જતી હોય એવું લાગે છે. માયાના બંધનથી જોરદાર જંજીરોમાં જાણે જકડાતી જતી હોય તેવું જણાય છે. નીતિ નિયમઅને ન્યાયથી રહેવું નિષ્ઠા પૂર્વક કામકરવું અને ફરજ બજાવવીએ સાચી પ્રામાણિકતા છે. પણ આજે એના દર્શન દુર્લભ બની ગયા છે.

ખરી માનવતા એ છે કે લીધેલું પાછું આપે સત્ય આચરે પોતાનું વાપરે અને પારકું ત્યાગે તેને પ્રામાણિકતા કહેવાય અને એવી પ્રામાણિકતા પ્રભુને પ્યારી છે.

શ્રીજી મહારાજના ચૂસ્ત આશ્રિત માણાવદરના માયારામભટ્ટનો કોઈબાઈએ રૂપાનું એક કડલું સાચવવા આપેલું. થોડા સમયબાદ ભટ્ટજીએ પેટી ખોલી જોયું તો પેટીમાં એક જ કડલું હતું તેમને ફાળ પડી તેમને એમકે બાઈ બે કડલાં આપી ગઈ છે. ઘણી તપાસ કરતા પણ બીજુ કડલું મળ્યું નહિ. એટલે તેમને સોની પાસે એવું જ બીજુ કડલું ઘડાવી લીધું. જ્યારે તે બાઈએ કડલું લેવા ગઈ ત્યારે ભટ્ટજીએ બન્ને કડલાં તેના હાથમાં મુક્યા ત્યારે બાઈએ કહ્યું, ભટ્ટ બાપા, મેં તો તમને એક જ કડલું આપેલું . ભટ્ટજી કહે, 'બહેન તું ભૂલી જ ગઈ લાગે છે. દાગીના હંમેશાં જોડમાં જ હોય.' ત્યારે બાઈએ તેમના દીકરાના સમખાઈને કહ્યું કે મેં એક જ કડલું આપ્યું હતું. ત્યારે ભટ્ટજીને વાત મનાઈ કેવી બન્નેની પ્રામાણિકતા. કેવી નીતિમત્તા હતી ભારતના મહાપુરુષોમાં.

સંવત્ ૧૮૬૯ના દુષ્કાળમાં આજીવિકા માટે લોયાના ઘેલા કોળી સુરત જતા હતા. રસ્તે ચાલતાં તેમણે કોઈકનો સોનાનો તોડો જોયો શ્રીજીની આજ્ઞા યાદ કરીને તેણે તો ન લીધો પણ પાછળ આવતી પત્નીનું મન ન લોભાય એટલે તેમણે પગથી તેના પર ધૂળ વાળી દીધી. પત્નીએ આ જોયું. આગળ જઈ ભેળા થતાં તેનું કારણ પૂછ્યું. ત્યારે ઘેલા ભક્તએ તોડાની વાત કરી ત્યારે બાઈએ કહ્યું. અરે તમે ધૂળ ઉપર ધૂળ શું વાળી. જ્યારથી મને સ્વામિનારાયણ ભગવાન ઓળખાયા છે. ત્યારથી પારકી વસ્તુને હું ધૂળ સમાન માનુ છું.

આ બધા પ્રામાણિકતના દાખલા જોયા. આજે પણ એવા માણસો હશે પણ બહુ ઓછા ઘણા લોકો કહેતા હોય છે યુગ એવો છે કે એમાં પ્રમાણિક થયે ન ચાલે પણ એવું નથી જે પ્રામાણિક પણે જીવે છે. તેમની પાસે કદાચ બે પૈસા ઓછા હશે પરંતુ અનીતિના કરોડો રૂપિયા સાચવનારા કરતા હજાર ગણો આનંદ, સુખ અને શાંતિ ભોગવતા હશે.

પ્રભુ સૌને પ્રામાણિપણે જીવન જીવવાની સદ્‌બુધ્ધિ આપે એવી પ્રાર્થના.

# ટાળી તે ટેવ કેમ ટળે ?

લેખક :- પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી

ભવસાગર તરી જવાનું જો કોઈ સબળ નાવ હોય તો તે પ્રભુ નામ સ્મરણ જ છે. કામહોય ત્યારે જ કોઈને યાદ કરીએ અને યાદ કરીને 'કેમછો ?' એમપૂછો તો એ 'સ્વાર્થ' ગણાય, પરંતુ કામન હોય છતાં અવારનવાર રૂબરૂ ઉપસ્થિત થઈને કે પત્રવ્યવહાર દ્વારા 'કેમછો ?' પૂછો તો એને 'સંબંધ' ગણાય. શ્રી સહજાનંદ સ્વામી સત્સંગીઓ સાથે સંબંધ જ નહિ પરંતુ ગાઢ સંબંધ રાખી સત્સંગીઓની ભાળ રાખતા, સારસંભાળ લેતા. ભગવાનના ભક્તે ભગવાનનું સ્મરણ કર્યું નથી કે હાજર થયા નથી. આ પ્રકારની ઘટનાનો એક પ્રેરક પ્રસંગ અહીં ઉલ્લેખનીય છે.

શ્રી સહજાનંદ સ્વામી અંતર્યામી હતા. 'કુંડળ' ગામનો અમરો પટગર મહારાજનો પરમભક્ત હતો. ખાતાં-પીતાં બેસતાં-ઊઠતાં, સૂતાં-જાગતાં ભગવાન સ્વામિનારાયણનું નામએ અમરાનો જીવનમંત્ર હતો. 'સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ....'એ નામઅમરાની જીભને ટેરવે જ રમ્યા કરે. અમરાને એમના ગુરુએ એક મંત્ર આપ્યો હતો તે સૂતી વખતે અચૂક બોલે : "હે દયાળુ દીનાનાથ, મેરી દોરી તેરે હાથ, ફૂલોં સે ભી પ્યાર, કાંટોં સે ભી પ્યાર."

એક રાત્રે ત્રણેક વાગે ઊઠીને મોટેથી 'સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ....'નો જાપ શરૂ કર્યો. એ અંતઃકરણના અતળ ઊંડાણથી ઉત્પન્ન થયેલા અવાજના તરંગો ગઢડામાં સહજાનંદ સ્વામીના કાને અથડાયા.

સહજાનંદ સ્વામીએ સત્વરે સુરાખાચરને ભરઊંઘમાંથી જગાડ્યા, અને કહ્યું : "ખાચર ! આપણો ખપ પડ્યો છે. માટે ચાલો, થાઓ તૈયાર."

"અરે મહારાજ ! આ અડધી રાતે કડકડતી ટાઢમાં ક્યાં હાલવું છે ? સુરાખાચરે કહ્યું.

ટાળી તે ટેવ કેમટળે ? સુરાખાચર ! તમે ઠંડીની પરવા કર્યા વિના 'માણકી' તૈયાર કરો. કારણ કે જુઓને, પેલો 'અમરો પટગર' અધરાતે મંડાણો છે, એટલે આપણે 'કુંડળ' ગયા વગર છૂટકો નથી.

માણકી ઘોડી તૈયાર કરી મહારાજ અને સુરાખાચર મારંમાર કરતા આવી પહોંચ્યા કંડળ મુકામે. મહારાજ પરબારા પધાર્યા અમરા પટગરની ડેલીએ. સુરાખાચરે ડેલી ખખડાવી. અરે ! અત્યારના પોરમાં વળી કોણ આવ્યું.. ઊભા થઈ હોંકારો દીધો અને ડેલી ખોલી.

અમરો પટગર તો મહારાજને જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો ! "અરે ! આવા અહૂર હવાર આપ અહીં ક્યાંથી ?" સાષ્ટાંગ દંડવત્ પ્રણામકરતાં કરતાં અમરો બોલ્યો : મહારાજને પોતાને આંગણે પધારેલ જોઈ અમરાના આનંદની કોઈ સીમા ન હતી.

"ભગત તું કેમભૂલી જાય છે ? આ અડધી રાતે 'સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ....' કહીને અમને સખે સૂવા પણ દેતો નથી, એટલે આવવું પડ્યું." મહારાજે ખુલાસો કર્યો.

"અરે મહારાજ ! મારે તો નામજપ કરવાની ટેવ પડી ગઈ છે."

મહારાજે તરત જ કહ્યું : "તો અમારે જાવાની ટેવ પડી ગઈ છે. આ ટેવ ટળે એવી નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, 'નારાયણ' નામનું નાણું જેની પાસે હોય છે તેનો ખજાનો કદી ખૂટતો નથી. મહારાજ તો હાજરાહજૂર છે. અને ઓલિયા પુરુષ તો એવા જ હોય ! જેમના જીવનનો રસ્તો વિશ્વના હિતની ફીકર માટે હોય, 'સર્વજીવ હિતાવહ' હોય તેમનું નામજ 'ઓલિયા પુરુષ'. ફિરસ્તો કે ફકીર, જે બીજાની ચિંતા કરીને ફરતા રહે. જેણે ભગવાનને આત્મસમર્પણ કરી દીધું છે, તેણે કોઈ પ્રકારની ચિંતા કરવી નહિ. ભગવાન હંમેશાં અનુગ્રહ કરવા માટે તત્પર જ હોય છે.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## ભાદરવા સુદ-૧૧ એકાદશીના દિવસે દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓની નામાવલિ

- પ.ભ. મકુશેભાઈ નારણભાઈ હિરાણી - ફોટડી હાલે નૈરોબી
- પ.ભ. ઈન્ટરકોન આફ્રિકા લી. હ. હરીશભાઈ કાનજી ભુવા - સુખપર
- પ.ભ. પ્રેમીલાબેન જયંતીલાલ ભુડીયા - સુખપર (મદનપુર)
- પ.ભ. શીવજીભાઈ વાલજી પિંડોરીયા - નારણપર
- પ.ભ. દિનાબેન જયેશ કેરાઈ હ. વાલજી લાલજી આશાણી - નારણપર (ની.વાસ) હાલે નૈરોબી
- પ.ભ. મેહુલભાઈ ધનજી ભુડીયા હ. મહંત સાં.યો. સામબાઈ ફઈની પ્રેરણાથી - ફોટડી
- પ.ભ. પ્રેમજીભાઈ કરસન રાજાણી - રામપર વેકરા હાલે નૈરોબી
- પ.ભ. જયશ્રીબેન ભરત હાલાઈ - નાગલપર, માંડવી
- પ.ભ. પ્રેમબાઈ કલ્યાણ વરસાણી હ. હિરજી રામજી - બળદીયા
- પ.ભ. નારણભાઈ કાનજી રૂપાલીયા - હરિપર
- પ.ભ. સંજયભાઈ ગોવિંદ વાગડીયા - સુખપર
- પ.ભ. દેવજીભાઈ કાનજી ગોંડલિયા ધ.પ. કાનબાઈ મહંત સાં.યો. સામબાઈ ફઈની પ્રેરણાથી
- પ.ભ. નારણભાઈ કાનજી હિરાણી - ફોટડી
- પ.ભ. જયેશભાઈ કેશરાભાઈ હિરાણી - મીરજાપર
- પ.ભ. પ્રવિણભાઈ ભીમજી કેરાઈ હ. હંસાબેન - રામપર વેકરા
- પ.ભ. ભરતકુમાર હરિલાલ ઠક્કર - ભુજ
- પ.ભ. કાંતાબેન પ્રવિણ વેકરીયા - માધાપર
- પ.ભ. રાધાબેન કાંતિ રાઘવાણી - બળદીયા
- પ.ભ. લાલજીભાઈ પ્રેમજી પિંડોરીયા - સામત્રા
- પ.ભ. ધર્મેશભાઈ વાલજી આશાણી - દહીંસરા
- પ.ભ. હરીશભાઈ વિશ્રામ પાધરા - મદનપર
- પ.ભ. રવજીભાઈ ભીમજી રાબડીયા - ભારાપર, માંડવી
- પ.ભ. ધનબાઈ મોહન કેશરા વરસાણી - ભારાસર
- પ.ભ. અ.નિ. વિશ્રામભાઈ વાલજી પાધરા હ. અમરબાઈ વિશ્રામ પાધરા - સુખપર
- પ.ભ. વનિતાબેન પ્રેમજી લીંબાણી હાલે નૈરોબી હ. સાં.યો. નાનબાઈ કરસન - દહીંસરા
- પ.ભ. રાધાબાઈ વિશ્રામ વેકરીયા હ. વિશ્રામ માવજી વેકરીયા - માધાપર
- પ.ભ. રાજેશભાઈ વાલજી હાલાઈ - સુખપર
- પ.ભ. કેશરાભાઈ હરજી વરસાણી - ભારાસર
- પ.ભ. મીનાબેન શીવજી હિરાણી - મેઘપર
- પ.ભ. હિરજીભાઈ પ્રેમજી ધનાણી - સુખપર
- પ.ભ. વેલજીભાઈ શીવજી દબાસીયા હ. પ્રવિણ તથા તેજસ - માનકુવા
- સાં.યો. ધનબાઈ કાનજી ભુડીયા - ભક્તિનગર
- પ.ભ. રવજીભાઈ જાદવા વરસાણી - મદનપર
- પ.ભ. મંજુલાબેન નારણ પિંડરીયા હ. નારણભાઈ - સુખપર
- પ.ભ. નારણભાઈ હરજી પિંડોરીયા હ. નારાણભાઈ - લંડન
- પ.ભ. રામજીભાઈ જાદવા વરસાણી એન્ડ ફેમિલી - સામત્રા

- પ.ભ. વિશ્રામભાઈ નારણ પિંડોરીયા હ. સાં.યો. નાનબાઈ કરસન
- પ.ભ. પ્રશાંતભાઈ નરેન્દ્ર ભટ્ટ - ભુજ
- પ.ભ. મેઘજીભાઈ વિશ્રામ વરસાણી - સુખપર
- પ.ભ. કલ્પનાબેન કાંતિ હિરાણી હ. સાં.યો. નીતાબેન - મદનપર
- પ.ભ. વિશ્રામભાઈ રવજી ખેતાણી - મદનપર
- પ.ભ. કરસનભાઈ રામજી આશાણી પરિવાર હ. વાઘજી કલ્યાણ કેરાઈ - વેકરા હાલે નૈરોબી
- પ.ભ. અનિતાબેન દિનેશ હિરાણી - માનકુવા
- પ.ભ. સવિતાબેન ઘનશ્યામ હિરાણી હ. મુક્તમુનિદાસજી - માંડવી
- પ.ભ. અ.નિ. કલ્યાણભાઈ નાનજી વરસાણી હ. ગં.સ્વ. કાનબાઈ પુત્ર અર્જુન નીતિન તથા લક્ષ્મણ - માનકુવા
- પ.ભ. લક્ષ્મણભાઈ કુંવરજી શિયાણી - ભક્તિનગર
- પ.ભ. લક્ષ્મણભાઈ હ. લાલજીભાઈ - સુખપર
- પ.ભ. ભાવેશભાઈ વિશ્રાણ પિંડોરીયા - દહીંસરા
- પ.ભ. હિરજીભાઈ નાનજી ગામી - સુખપર
- પ.ભ. દિનેશભાઈ પરબત વરસાણી - માધાપર
- પ.ભ. દિપકભાઈ વાલજી સેંઘાણી - નારણપર
- પ.ભ. રમેશભાઈ નાનજી કેરાઈ હ. કિશોર નાનજી કેરાઈ - સુખપર
- પ.ભ. મિતુલભાઈ કાનજી સેંઘાણી, રોશન કાનજી હ. લાલજી વિશ્રામ - નારણપર
- પ.ભ. અવનીબેન બકુલ ઠક્કર બહેન ચાર્વી હ. હંસાબેન જીતુભાઈ ઠક્કર - ભુજ
- પ.ભ. અક્ષયભાઈ રામજી કેરાઈ હ. રામજી માવજી - રામપર
- પ.ભ. વાલબાઈ ખીમજી ભુવા સાં.યો. મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી - સુખપર (ન.ના.)
- પ.ભ. ધનબાઈ મોહન કેશરા વરસાણી - ભારાસર
- પ.ભ. પુરબાઈ મેઘજી ભુડીયા હ. જયેશ મેઘજી ભુડીયા - માનકુવા
- પ.ભ. કરસનભાઈ રામજી આશાણી પરિવાર હ. વાઘજી કલ્યાણ કેરાઈ - વેકરા હાલે નૈરોબી
- પ.ભ. દિનેશભાઈ જાદવા વેકરીયા - દહીંસરા
- પ.ભ. મનસુખભાઈ વાલજી સેંઘાણી - નારણપર
- પ.ભ. શાંતાબેન કાંતિલાલ હિરજી હિરાણી સાં.યો. સવિતાબેનની પ્રેરણાથી - મદનપર
- પ.ભ. પ્રવિણભાઈ વાલજી ગોરસીયા ધ.પ. જયાબેન પુત્ર મોહન - સુખપર
- પ.ભ. કરસનભાઈ રામજી આશાણી પરિવાર હ. વાઘજી કલ્યાણ કેરાઈ - વેકરા હાલે નૈરોબી
- પ.ભ. વાલજીભાઈ ખીમજી સેંઘાણી - નારણપર
- સાં.યો. ધનબાઈ કાનજી ભુડીયા - ભક્તિનગર
- પ.ભ. દિનેશભાઈ જાદવા વેકરીયા - દહીંસરા
- સાં.યો. ધનબાઈ કાનજી ભુડીયા - ભક્તિનગર
- મહંત સાં.યો. સામબાઈ અરજણ - ભુજ
- મહંત સાં.યો. કાન્તાબેન પરબત - નારણપર

**શ્રીનરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ**

- ઝીણાભાઈ કાનજી હીરાણી ધ.પ. કાનબાઈ - મદનપુર
- અ.નિ. વેલજી વાલજી મેપાણી અ.નિ. હિરબાઈ વેલજી સહપરિવાર સુખપર હ. સાં.યો. નીતાબાઈ
- મેગબાઈ વેલજી હીરાણી - ભક્તિનગર
- રમેશ લક્ષ્મણ હિરાણી - મદનપુર
- જશવંતી રમેશ હિરાણી - મદનપુર
- લક્ષ્મી નાનજી વેકરીયા - બળદીયા
- જયશ્રી કલ્પેશ હાલાઈ - સુરજપુર
- કુંવરબાઈ સામજી હિરાણી - મિરજાપર
- અ.નિ.કલ્યાણ લાલજી ગોંડલીયા ધ.પ. અ.નિ. નાનબાઈ કલ્યાણ - મિરજાપર
- ગોપાલ રામજી માવજી મેપાણી - નૈરોબી
- નિતેશ રવજી દેવરાજ હિરાણી - મેઘપર

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ - સુવર્ણજયંતી મહોત્સવ-૨૦૧૪

શાળાની ભૌતિક સગવડો :-

શાળાની સ્થાપનાથી જ શ્રી નરનારાયણદેવ તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી આ શાળા ભૌતિક સગવડોથી સંપન્ન જ રહેલી છે. "શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા જ્યાં વહે." અમારી આ શાળામાં જ્ઞાનની સાથે સંતો તથા ટ્રસ્ટીશ્રીઓના પ્રયત્નથી સુવિધાનો ધોધ પણ વહ્યા કરે છે.

શાળા બાળક માટે બીજું ઘર છે. બાળક શાળા પાસે સારું વાતાવરણ ઈચ્છે છે. વર્ગખંડની ચાર દીવાલોમાં રહીને બહારની દુનિયા શોધે છે. શાળાનું ભાવાવરણ તથા ભૌતિક સગવડો બાળકના વિકાસમાં બહોળા પ્રમાણમાં અસર કરતા બને છે. ટેકનોલોજી પણ શિક્ષણ પ્રણાલીની જરૂરિયાતોને બદલે છે. શાળાની ઈમારતથી રમતનું મેદાન તથા ફર્નિચરથી લઈને લેબોરેટરી, દરેક વસ્તુ બાળકની શીખવાની પ્રક્રિયામાં ભાગ ભજવે છે.

"Education technology and school construction go together. Modernization, updating education facilities and making a capital investment in education are all included."

સુવર્ણજયંતીના આ વર્ષે શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજથી ભૌતિક સુવિધા વિશે આ લેખમાં એક ચિતાર રજૂ કર્યો છે.

૧) શાળાની ઈમારત :- ભૂકંપબાદ શાળાની આ નવી ઈમારત સંસ્કારનગર, ભુજ ખાતે નવનિર્માણ પામી છે. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના અ.નિ. મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી તથા વર્તમાન મહંતશ્રી પ.પૂ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સંતોની પ્રેરણાથી તથા અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીની સ્મૃતિમાં યુ.કે.ના વિલ્સડન પરગણાના હરિભક્તોએ આ સુંદર ઈમારતના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપ્યુ છે. '૦' આકાર ધરાવતી આ નયનરમ્ય બિલ્ડીંગમાં આચાર્યખંડ, શિક્ષકખંડ, કાર્યાલય, વર્ગખંડો, લેબોરેટરી, લાઈબ્રેરી , પ્રાર્થનાખંડ, કોમ્પ્યુટર લેબ, જીમનેસીયમ, કલાભવન, એન.એસ.એસ. ખંડ, મલ્ટી મીડીયા લેબ વગેરે જેવા અત્યાધુનિક ખંડો આવેલા છે. ખૂબ જ સોહામણી આ શાળા ઈમારત સુંદર સુવિચાર રત્નોથી દીપી ઊઠે છે.

૨) દશ્ય શ્રાવ્ય સાધનો :- દશ્ય શ્રાવ્ય સાધનો શિક્ષણને વધુ અસરકારક રીતે સમજાવવામાં મદદરૂપ થાય છે. આ શાળામાં કેબલ ડીશની સુવિધા ઉપલબ્ધ છે જે દ્વારા 'બાયસેંગ' ચેનલ મારફત વિવિધ વિષયોને સંલગ્ન પ્રોગ્રામોને ટી.વી.ના માધ્યમથી નિહાળી શકે છે. માત્ર ચોક અને ટોકની પધ્ધતિ કરતાં એલ.સી.ડી. પ્રોજેક્ટરની મદદથી 'શૈક્ષણિક સોફ્ટવેર' દ્વારા પણ અમારા વિદ્યાર્થીઓને વિવિધ વિષયોને સરળતા અને સહેલાઈથી સમજણ આપીએ છીએ. શાળામાં બે એલ.સી.ડી. પ્રોજેક્ટરો વસાવેલા છે. આ ઉપરાંત ટેપ, ડી.વી.ડી. પ્લેયર, ઓવરહેડ પ્રોજેક્ટર જેવા દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ શિક્ષણને અસરકારક બનાવવા થતો રહે છે. દરેક વર્ગખંડમાં પણ સ્પીકર સિસ્ટમ લગાવાઈ છે.

૩) કોમ્પ્યુટર લેબ :- શાળાના વિદ્યાર્થીઓને સાંપ્રત પ્રવાહથી અવગત કરવા માટે તથા આગળ જતાં

વ્યવસાય માટે પણ મદદરૂપ થવા શાળામાં અત્યાધુનિક ત્રણ કોમ્પ્યુટર લેબ આવેલ છે. જેમાં ૯૦ થી વધુ કોમ્પ્યુટર પર વિદ્યાર્થીઓ આ વિષયનું પ્રેક્ટીકલ જ્ઞાન મેળવે છે.

૪) C.C.T.V. કેમેરા :- શાળાના વહીવટને સુચારૂ રીતે ચલાવવામાં મદદરૂપ થવા માટે તથા વિદ્યાર્થીઓમાં સ્વયં શિસ્ત આવે તેવા પ્રયાસરૂપે સમગ્ર શાળા C.C.T.V. કેમેરાથી સજ્જ બનાવાઈ છે. જેના દ્વારા પરીક્ષામાં તથા વર્ગખંડ શિક્ષણ દરમ્યાન 'મોનીટરીંગ' કરી શકાય છે.

૫) જીમનેશિયમ :- 'Health is wealth' શિક્ષણનો ઉદેશ્ય માત્ર બૌધ્ધિક વિકાસ નહિ પરંતુ બાળકના સર્વાંગી વિકાસનો રહેલ છે. શૈક્ષણિક વિકાસની સાથે સાથે શારીરિક વિકાસ થાય તે માટે શાળામાં ૧૨ સ્ટેશન જીમનેશિયમ વસાવવામાં આવ્યું છે. જેનો વિદ્યાર્થીઓ પોતાની શારીરિક ચુસ્તી તથા તંદુરસ્તી માટે ઉપયોગ કરી રહ્યા છે.

૬) રમતગમતનું મેદાન :- બાળકોને Keek અને કૈં રાખવા માટે શાળામાં વિશાળ રમતનું મેદાન આવેલું છે. જેમાં વોલીબોલ, બાસ્કેટબોલ, ખો-ખો, કબડ્ડી, ક્રિકેટ, એથ્લેટિક જેવી રમતો રમવા માટે મેદાનો બનાવવામાં આવ્યા છે. ઈન્ડોર રમતો માટેના ખંડો પણ શાળામાં આવેલા છે.

૭) પ્રાર્થનાખંડ - પુસ્તકાલય - પ્રયોગશાળા :- "પ્રાર્થના એ આત્માનો ખોરાક છે." શાળાની દિનચર્યાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના સાંનિધ્યમાં પ્રાર્થના ખંડમાં વિદ્યાર્થીઓ સંગીતબધ્ધ શાળા પ્રાર્થના તથા અન્ય સાંસ્કૃતિક પ્રોગ્રામ કરે છે.

"Books give a soul to the universe, wings to the mind, flight to the imagination and life to everything." શાળાના પુસ્તકાલયમાં આપણા 'Best Friend' એવા ૭૦૦૦થી વધુ પુસ્તકો આવેલ છે. જેમાં આ પુસ્તકો સાથે વર્તમાનપત્રો તથા શૈક્ષણિક તેમજ અન્ય ક્ષેત્રના સામાયિકોનું મનનીય પઠન વિદ્યાર્થીઓ કરે છે.

બાળકોને વિજ્ઞાનના આધુનિક પ્રચારથી માહિતગાર કરવા તથા દાર્શનિક પ્રયોગ કરવા વિશાળ પ્રયોગશાળા શાળામાં આવેલ છે. વૈજ્ઞાનિક તથા ગાણિતિક સાધનોથી સંપન્ન આ પ્રયોગશાળામાં ભવિષ્યના ડોક્ટરો, ઈજનેરો તથા વૈજ્ઞાનિક બનવા વિદ્યાર્થીઓએ પ્રાયોગિક કાર્ય કરતા રહે છે.

અન્ય સવલતો :- સંગીત કલામાં રસ ધરાવતાં વિદ્યાર્થીઓ માટે પણ સંગીતના અલગ-અલગ વાદ્યો શાળામાં ઉપલબ્ધ છે. જેનાં ઉપયોગ વડે કલાનો વારસો વિદ્યાર્થીઓ જાળવી રાખ્યો છે.

આ ઉપરાંત સ્વચ્છ પાણીની સગવડ, સ્વચ્છ અને સુઘડ શૌચક્રિયા માટેની સગવડ પણ શાળામાં ઉપલબ્ધ છે.

આ સંકુલમાં લીલોછમ બગીચો , રમત-ગમતના સાધનો વિદ્યાર્થીઓને ઈીકીજિર કરવા ઉપલબ્ધ છે. ભવિષ્યમાં English languagl lab સ્થાપવાની વિચારણા છે.

આ ઉપરાંત ભવિષ્યની સવલતો સાથે તાલ મેળવવા ત્રણે સંસ્થાના સંચાલકશ્રી સ્વામી હરિવલ્લભદાસજી, સહસંચાલક સ્વામી અક્ષરમુક્ત દાસજી, હાલના કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ સતત પ્રયત્નશીલ રહે છે. શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, પાર્ષદ જાદવજી ભગત તથા સમસ્ત સંત મંડળ શાળાના વિકાસમાટે સતત ચિંતનસેવી રહ્યા છે. આચાર્યશ્રી મગનભાઈ સુથાર તથા સમગ્ર સ્ટાફગણ આ સવલતોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય તેવા પ્રયત્નો કરતા રહે છે.

અહેવાલ :- હિતેશભાઈ બી. વ્યાસ,
શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય - ભુજ

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓનો થ્રો-બોલ રમતમાં રાજ્ય કક્ષાએ ડંકો અને રાષ્ટ્રીય કક્ષા તરફ આગે પ્રયાણ

યુવા રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ રમત-ગમત પ્રવૃત્તિમાં કચ્છ જિલ્લાની શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર શાળાની વિદ્યાર્થીનીઓ પહેલાં જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યા બાદ રાજ્ય કક્ષાએ પાલનપુર મુકામે થ્રો-બોલ રમત રમવા ગયેલ હતી. જેમાં આ શાળાની વિદ્યાર્થિનીઓએ રાજ્યની અલગ-અલગ ચાર ટીમ સામે વિજેતા થઈને ફાઈનલમાં વડોદરા સામે ૦-૨૫નો સ્કોર કરી એક તરફી વિજય પ્રાપ્ત કરેલ.

આ વિદ્યાર્થિનીઓમાંથી ચાર વિદ્યાર્થિનીઓ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામેલ છે. જેમાં સેંઘાણી કિરણ લક્ષ્મણભાઈ, દબાસીયા ઉર્વી પ્રવીણભાઈ, હિરાણી પ્રીતિ ગોવિંદભાઈ, વરસાણી બિંદી મહેન્દ્રભાઈ નો સમાવેશ છે.

શાળાની વિદ્યાર્થિનીઓએ મેળવેલી આ સિધ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના સંતવૃંદે, શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના સમગ્ર ટ્રસ્ટ મંડળ તથા સ્ટાફગણે ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા. તેમજ શાળાના આચાર્યશ્રી દક્ષાબેન પિંડોરીયાએ વિદ્યાર્થિનીઓ રમત ગમત ક્ષેત્રે આવી સોનેરી સિધ્ધિઓ હાંસલ કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

અહેવાલ :- આચાર્યશ્રી દક્ષાબેન પિંડોરીયા

## ભૂતપૂર્વ વિદ્યાર્થી મિલન - શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ

શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ પ્રેરીત તથા શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજના સુવર્ણ જંયતી મહોત્સવ પ્રસંગે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન સુવર્ણજંયતી મહોત્સવ સમિતીના અધ્યક્ષ પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીની અધ્યક્ષતામાં વિદ્યાલયના સંકુલમાં તા. ૧૪-૯-૨૦૧૪ રવિવારના રોજ યોજાયેલ હતો. આ પ્રસંગે મહોત્સવ સમિતિના પુરાણી સ્વામી ધર્મચરણદાસજી સંચાલકશ્રી નારણપર ગુરુકુળ, શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન-ભુજના સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી, શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ, ભુજના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, મિરજાપરના પ્રમુખશ્રી વિશ્રામભાઈ દબાસીયા, મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા, વિદ્યાલયના ટ્રસ્ટીશ્રી જગદીશભાઈ વાઘાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મહોત્સવ સમિતીના અધ્યક્ષ સ્વામી પુરુષોતમસ્વરૂપદાસજીએ આ મહોત્સવ ધામધૂમથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા દાતાશ્રીઓના સહકારથી ઉજવાય તેવું નક્કી કરેલ છે તેમજણાવીને દિવાળી સંમેલન કેવી રીતે સફળતા પૂર્વક ઉજવીએ તે માટે વિચારોનું આદાન-પ્રદાન કરવા આજરોજ એકઠા થયા છીએ તેમજણાવ્યું હતું. તેમણે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તન, મન, ધનથી આ ઉત્સવમાં સહભાગી થઈએ અને ઉત્સવરૂપી ફટાકડાંને ફોડીએ તેમઊમેર્યું હતું.

મહોત્સવ સમિતિના સભ્ય તથા શ્રીહરિ તપોવન-રામપર(વેકરા)ના સંચાલક સ્વામી દેવચરણદાસજીએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંબોધતાં

જણાવ્યું હતું કે ભૂતકાળના સંસ્મરણો આહલાદક હોય છે વિદ્યાર્થીકાળની આનંદદાયક પળો ક્યારેય પાછી આવતી નથી. સમાજને શિક્ષિત બનાવવાની નેમથી પ.પૂ. સ્વામી ધર્મજીવનદાસજીએ આ સંસ્થાની સ્થાપના કરી વિદ્યાની સરવાણી વહેવડાવી હતી. આ વિદ્યાલયમાં અભ્યાસ કરી ગયેલ ૨૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ માત્ર પ્રેક્ષક તરીકે નહિ પણ આયોજક તરીકે પણ સહભાગી બને તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. એકલવ્યે જેમપોતાનો 'અંગૂઠો' આપી ગુરુભક્તિને સાર્થક કરી હતી તેમઆપણે પણ વિદ્યાલયના ઋણને અદા કરીએ.

મહોત્સવ સમિતીના સભ્યશ્રી તથા નારણપર ગુરુકુળના સંચાલક સ્વામી ધર્મચરણદાસજીએ આ પ્રસંગ દ્વારા વિદ્યાર્થીકાળના સમયમાં ડોકીયું કરવાનો મોકો મળશે તથા ઉચ્ચ હોદ્દા પર પહોંચેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જોઈ બીજા વિદ્યાર્થીઓ પણ પ્રેરણા લે તેવો આ પ્રસંગ બની રહેશે. તેમણે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને કોલ આપ્યો હતો કે માત્ર સલાહકાર નહિ પણ કાર્યકર બનીને આ પ્રસંગને દિપાવીએ.

કાર્યક્રમની મંગલમય શરૂઆત પ્રાર્થનાગીત દ્વારા સંગીત વિશારદ સ્વામી અક્ષરમુક્તદાસજી દ્વારા કરવામાં આવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આવકાર તથા પ્રસંગ પરિચય આપતા કેળવણી મંડળના મંત્રીશ્રી વિનોદભાઈએ વિદ્યાલયની સિધ્ધિઓનો ચિતાર રજૂ કર્યો હતો. વર્ષ દરમ્યાન સુવર્ણજયંતી મહોત્સવ પ્રસંગે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓની રૂપરેખા આપી હતી. દિવાળી પ્રસંગે યોજાનાર ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલનની વિગતો આપી આ મિલન ધામધૂમપૂર્વક ઉજવાય તે માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને હાકલ કરી હતી.

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રવિણભાઈ પિંડોરીયાએ જણાવ્યું હતું કે શાળાની સફળતાના પાયાના પથ્થરો આપણે વિદ્યાર્થીઓ છીએ. ભુજમાં ઓલ્ફ્રેડ હાઈસ્કુલમાં પછી ગામડાના વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા માટે ૧૯૬૩માં શાળાની સ્થાપના કરવામાં આવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થી વતી એડવોકેટશ્રી વિમલભાઈ મહેતાએ આધ્યાત્મિકતા સાથે શિક્ષણદાન આપીને વિદ્યાલયે વિદ્યાર્થીઓને ઋણી બનાવ્યા છે. રતનાલના વેલજીભાઈ છાંગાએ ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે બાળમંદિરથી કોલેજ કક્ષાનું શિક્ષણ કરાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. વિદ્યાલયના પૂર્વવિદ્યાર્થી અને હાલમાં ભુજ નગરપાલિકામાં વિરોધ પક્ષના નેતા શ્રી રાજેન્દ્રસિંહ જાડેજાએ સંતો તથા શિક્ષકોના સંસ્કારોને કારણે આગળ વધી શક્યા અને મહોત્સવ પ્રસંગે આપેલ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવશું તેમજણાવ્યું હતું. ઈજનેર એસોસિએશનના શ્રી નરેશભાઈ રાઠીએ ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે સૂચન કર્યું હતું કે વિદ્યાલયમાં ભણેલ વર્ષના આધારે આયોજન કરીએ. એડવોકેટ કરમશીભાઈ પટેલે ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે સંસ્મરણો વાગોડતાં ભાવુક બની જણાવ્યું હતું કે સ્વામી ધર્મજીવનદાસજીના વિઝનને સાર્થક કરીએ. આ વિદ્યાલયે શિસ્ત તથા લીડરશીપના ગુણ આપ્યા છે તેમઉમેર્યુ હતું.

કાર્યક્રમની આભારવિધિ મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીએ કરી હતી તથા કાર્યક્રમના સુત્રધાર તરીકે શાળાના વર્તમાન આચાર્યશ્રી મગનભાઈ સુથાર રહ્યા હતા.

આ પ્રસંગે સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત તથા વિદ્યાર્થી ભવનના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ અન્ય જગ્યાએ રોકાયેલા હોઈ પોતાના આશીર્વચન મોકલાવેલા હતા. કેળવણી

મંડળના ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટે પણ ટેલીફોનિક શુભેચ્છા પાઠવી હતી. આ ઉપરાંત પોતાના અન્યત્ર રોકાણના લીધે ન પહોંચી શકેલા અનેક પૂર્વ વિદ્યાર્થીઓએ અલગ અલગ માધ્યમો દ્વારા કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ અને શાળા પરિવારના સભ્યશ્રી ત્રિકમભાઈ છાંગાસાહેબે માર્ગદર્શન પૂરું પાડેલ હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ડો. હરિશભાઈ વરસાણી, ડો. લક્ષ્મણભાઈ હિરાણી, ડો. દિપકભાઈ સુથાર, ડો. નેહલ વૈધ, ડો. અનિલભાઈ મજેઠિયા, ડો. રામભાઈ ગઢવી, ડો. જય અંજારીયા, એડવોકેટ નિતીનભાઈ સંઘવી, મયૂરભાઈ પુરોહિત, પ્રેસ ફોટોગ્રાફર પ્રકાશભાઈ ભટ્ટ, જયંતભાઈ લિંબાચીયા, મનોજભાઈ સોની વગેરે જેવા અનેક ઈન્જિનીયરો, વકીલો વ્યવસાયીઓ એવા બહોળી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ હાજર રહીને કાર્યક્રમને દીપાવ્યો હતો. દિવાળી સમયે યોજાનારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ મિલનના આયોજન માટે દરેક ગામમાંથી વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓની પસંદગી કરવામાં આવી હતી. કાર્યક્રમને અંતે સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું.

અહેવાલ :- આચાર્યશ્રી

## 'મેગા ક્વીઝ કોન્ટેસ્ટ' - શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં 'સુવર્ણજયંતી મહોત્સવ' પ્રસંગે ભુજની તમામશાળાઓ વચ્ચે યોજાનાર વિવિધ વિદ્યાર્થીલક્ષી સ્પર્ધાઓના ઉદ્‌ઘાટન સમારોહ તથા આંતરશાળા 'મેગા ક્વીઝ કોન્ટેસ્ટ' પ્રસંગે સમારોહના અધ્યક્ષશ્રી શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી નાદુરસ્ત તબિયતના કારણે તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી વિદેશ હોવાના કરણે ઉપસ્થિત રહી શક્યા ન હતા. તેથી કાર્યક્રમની સફળતા માટે પરમવંદનીય બંને મહાન સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા મુખ્ય મહેમાનોમાં કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી મહેન્દ્રભાઈ પટેલ, કચ્છ પંચાયતના કારોબારી ચેરમેનશ્રી અરવિંદભાઈ પિંડોરીયા તેમજ અતિથિ વિશેષ તરીકે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારી રવજીભાઈ ભુડીયા, ભુજ મંદિરના ટ્રસ્ટીશ્રી મુળજીભાઈ શિયાણી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળના મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીએ ઉપસ્થિત સંતો, મહાનુભાવો તથા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આવકાર આપતાં તેમણે જણાવ્યું હતું કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય ૧૯૪૪ થી શિક્ષણ ક્ષેત્રે સમયને અનુલક્ષીને સતત કાર્યરત છે. ઉપરાંત ૨૦૦૬માં હોસ્ટેલની સુવિધા સાથે કન્યા વિદ્યાલયની સ્થાપના કરી, કન્યા કેળવણી ક્ષેત્રે કાંતિકારી પગલું ભર્યુ છે.

પધારેલા સંતોનું સ્વાગત સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી તથા સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી દ્વારા ફૂલહારથી કરવામાં આવ્યું હતું તથા હરિભક્તો અને મહાનુભાવોનું સ્વાગત કેળવણી મંડળના હોદ્દેદારો તથા શાળાના આચાર્યશ્રી સુથાર સાહેબ દ્વારા ફૂલહાર તથા પુષ્પગુચ્છથી કરવામાં આવ્યું હતું. શાળાનાં વિદ્યાર્થીઓએ અભિનય દ્વારા સ્વાગત ગીત રજૂ કરીને ઉપસ્થિત સંતો અને મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. આ સ્વાગત ગીતની વેશભુષા સાથેની તૈયારી સંગીતજ્ઞ સ્વામી અક્ષરમુક્તદાસજીએ કરાવી

હતી.

ભુજ મંદિરના પાર્ષદ જાદવજી ભગત, કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી મહેન્દ્રભાઈ પટેલ, વિદ્યાર્થી ભવનના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, રવજીભાઈ ભુડીયા, મુળજીભાઈ શિયાણી, સંસ્થાના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ, વિદ્યાર્થી ભવનના પ્રમુખશ્રી ખીમજીભાઈ ભુડીયા, લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી હરિભાઈ હાલાઈ આદિ સંસ્થાના વરિષ્ઠ હોદ્દેદારોના વરદ્ હસ્તે દીપપ્રાગટ્ય કરીને કાર્યક્રમખુલ્લો મુકવામાં આવ્યો હતો.

શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ પોતાના વક્તવ્યમાં વિદ્યાલયની ગરિમા અને વિદ્યાર્થીઓનાં સદ્ભાગ્ય વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, વર્તમાન જ ઉજ્જવળ ભવિષ્યને સર્જી શકે છે અને સસલા અને કાચબાની વાતનો મર્મ સમજાવી મક્કમમનોબળ સાથે સતત કાર્યશીલ રહી આત્મવિશ્વાસ કેળવવાની વાત કરી હતી. તથા ક્વીઝમાં ભાગ લેનાર ચારેય ટીમોને શુભેચ્છા પાઠવી હતી. મેગા ક્વીઝનું સંચાલન કરનાર 'ક્વીઝ માસ્ટર' શ્રી બી.આર. બાવશે સાહેબનું મંદિરના પાર્ષદ જાદવજી ભગત દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

મેગા ક્વીઝ કોન્ટેસ્ટમાં ભુજ શહેરની કુલ ૧૭ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી આંતરિક ટેસ્ટ(સ્પર્ધા)ના અંતે ચાર શાળાની ટીમો અનુક્રમે શ્રી સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, શ્રી આર.ડી.વરસાણી હાઈસ્કૂલ, માતૃછાયા કન્યા વિદ્યામંદિર, શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયની ટીમો ફાઈનલ રાઉન્ડમાં પહોંચી હતી. આ ચાર સ્કૂલની ટીમો વચ્ચે મેગા ક્વીઝ કોન્ટેસ્ટ યોજાયેલ. જેનું સંચાલન 'ક્વીઝ માસ્ટર' શ્રી બી.આર. બાવશેએ એલ.સી.ડી. પ્રોજેક્ટર દ્વારા કર્યું હતું. આ મેગા ક્વીઝ જ્ઞાનવર્ધક વિષયોને લગતા પ્રશ્નોના કારણે આ સ્પર્ધા ખૂબ જ રોમાંચક તબક્કામાં પહોંચી હતી. પાંચમા તબક્કામાં સંગીત ધૂન રાઉન્ડનું સંચાલન શાળાના શિક્ષકશ્રી ડી.કે.ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં સંગીતમાં શ્રી પ્રશાંત ભટ્ટ અને શ્રી અમિત રાઠોડનો સહયોગ રહ્યો હતો.

અતિ રોમાંચક તબક્કામાં પહોંચેલ સ્પર્ધામાં ઘણા ચડાવ-ઉતારના અંતે શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજની ટીમવિજેતા બની હતી. જેમાં વિદ્યાર્થીઓ જાની શિવમ, રાણા હિતાર્થ અને જાડેજા રાજવીરસિંહ રહ્યા હતા. તેમજ દ્વિતીય નંબરે માતૃછાયા કન્યા વિદ્યામંદિરની ટીમરહી હતી.જેમાં વિદ્યાર્થિનીઓમાં શાહ મિલી, મહેતા વિધિ અને ધોળુ ઋતુ રહ્યા હતા.

મેગા ક્વિઝ કોન્ટેસ્ટમાં વિજેતા થનાર પ્રથમટીમને રૂ.૫૦૦૦/- દ્વિતીય નંબરે આવેલ ટીમને રૂ.૪૦૦૦/- અને ત્રીજા અને ચોથા ક્રમપ્રાપ્ત કરનાર બંને ટીમોને આશ્વાસન ઈનામતરીકે રૂ.૧૫૦૦/- ઘોષિત કરવામાં આવ્યા હતા.

સ્પર્ધામાં સ્કોરર તરીકેની સેવા શાળાના શિક્ષકોશ્રી એચ.બી. વ્યાસ તથા સી.કે.લખાણીએ આપી હતી. ઉપરાંત રજીટ્રેશન અંગેની જવાબદારી શિક્ષકશ્રી કે.એચ. કોઠડીયા અને શ્રી એન.કે.કાતરીયાએ સંભાળી હતી.

આ પ્રસંગને દીપાવવા સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી દેવકૃષ્ણદાસજી, સ્વામી રામસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોતમસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપ દાસજી, શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી આદિ સંતો તથા કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, વિદ્યાર્થી ભવનના પ્રમુખશ્રી ખીમજીભાઈ ભુડીયા, મંત્રીશ્રી કરશનભાઈ હાલાઈ,

લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી હરિભાઈ હાલાઈ, કન્યા વિદ્યામંદિરના પ્રમુખશ્રી વિશ્રામભાઈ દબાસીયા મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા, કરશન ઝીણા જેસાણી, ટ્રસ્ટીશ્રી કે.કે.હિરાણી, જગદીશભાઈ વાઘાણી, લાલજીભાઈ રૂપાલીયા આદિ મહાનુભાવો તેમજ અન્ય શિક્ષણપ્રેમી ટ્રસ્ટીઓ અને આગેવાનો હાજર રહ્યા હતા.

આશીર્વચન આપતાં પાર્ષદ જાદવજી ભગતે જણાવ્યું હતું કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રી સ્વામી ધર્મજીવનદાસજી અને સ્વામી મુરલીમનોહરદાસજીએ શિક્ષણની સ્થાપના કરી હતી. જે સમયાંતરે આજ સુધી તેનો સતત વિકાસ થતો રહ્યો છે. આ ઉપરાંત તેમણે દરેક સ્પર્ધકને શુભેચ્છા પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ પોતાની વિદ્વતા ભરી આગવી મનોરંજક શૈલીમાં કર્યુ હતું.

અંતમાં સંતોના વરદ્ હસ્તે તમામ વિદ્યાર્થીઓને બે-બે નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના શિક્ષકોશ્રી વી.એચ.રાવલ, શ્રી સહદેવસિંહ જાડેજા, શ્રી ભરતભાઈ સાપાનેરા તથા ધીરેન ગોર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ :- આચાર્યશ્રી

## વકતૃત્વ અને એકપાત્રીય અભિનય સ્પર્ધા

શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રેરિત અને શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ સંચાલિત શહેરની શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયના સુવર્ણજંયતી મહોત્સવ અંતર્ગત આંતરશાળા બે સ્પર્ધાઓ - વકતૃત્વ અને એકપાત્રીય અભિનય સ્પર્ધા - વિદ્યાર્થી ભવનના પાર્થના મંદિરમાં યોજાઈ ગઈ. બન્ને સ્પર્ધાઓમાં શહેરની ૧૭ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રારંભમાં શાળાના આચાર્યશ્રી એમ.એ. સુથારે ઉપસ્થિત સંતો અને મહાનુભાવોને આવકાર આપ્યો હતો. પ્રાસંગિક ઉદ્બોધન કરતાં મંદિરના સ્વામી ઉતમચરણદાસજીએ વકતૃત્વ અને અભિનયકળા વિશે છણાવટ કરતાં બાળપણનું મહત્ત્વ સમજાવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળના પ્રમુખ ભરતભાઈ મહેતાએ સારું વકત્તવ્ય કેળવવા વિદ્વાન વક્તાઓના પ્રવચનો સાંભળવા પર ભાર મૂકતાં શિક્ષણમાં કલાની આવશ્યકતા અંગે વાત કરી હતી. શાળાના ત્રણ અક્ષર **S.S.V.** ને શિક્ષણ, સંસ્કાર અને વિકાસ એવા નામઆપ્યાં હતા. તો ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટે પોતાના ઉદ્બોધનમાં શાળાના સેવાના દાયકાઓના નાતાને યાદ કરી શાળાની સ્થાપના અંગે વાત કરી હતી.

વકતૃત્વ સ્પર્ધાને મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીએ તથા એકપાત્રીય અભિનય સ્પર્ધાને કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતાએ ખુલ્લી મુકી હતી.

વિદ્યાર્થીઓને વકતૃત્વ માટે ત્રણ વિષયો આપવામાં આવેલા તેમાંથી કોઈ પણ એક પર પાંચ મિનિટ વકત્તવ્ય આપવાનું હતું. વિવિધ શાળાઓના નાના-નાન વિદ્યાર્થીઓએ પોતાની વાકછટાનો પરિચય કરાવ્યો હતો. તો એક પાત્રીય અભિનય સ્પર્ધામાં અદ્ભુત અભિનયનો પરિચય વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ કરાવ્યો હતો. શહેરની ૧૭ શાળાઓ વચ્ચે રોચક બની રહેલી આ સ્પર્ધાઓમાંથી વકતૃત્વ સ્પર્ધામાં જૈનાચાર્ય અજરામરની દેઢિયા જૈનમપ્રથમક્રમે, માતૃછાયા કન્યા વિદ્યાલયની મહેતા વિધિ દ્વિતીય ક્રમે જ્યારે વી.ડી. હાઈસ્કુલના ગોર શ્રેયસ તૃતીય ક્રમે વિજેતા રહ્યા હતા. એકપાત્રી અભિનય સ્પર્ધામાં અનેક ચઢાવ-ઉતારના અંતે શ્રીહરિ

વિદ્યામંદિર રામપર(વેકરા)ના સેડા અર્જુન પ્રથમ, પાટીદાર કન્યા વિદ્યાલયની પોકાર વૈભવી દ્વિતીય અને વ્હાઈટ હાઉસ પબ્લિક સ્કુલના રાસ્તે જિમિત તૃતીય ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

આ ભવ્ય સ્પર્ધા પ્રસંગે ભુજ મંદિરના વરિષ્ઠ સંતો સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી હરિવલ્લભ દાસજી, સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ઉતમચરણદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી, સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી ભક્તિનંદન દાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી કપિલમુનિ દાસજી, સ્વામી મુક્તમુનિદાસજી, જિ.પં. પ્રમુખ ત્રિકમભાઈ છાંગા, ઉપરાંત ટ્રસ્ટીઓ સર્વશ્રી કે.કે.હિરાણી, વિદ્યાર્થી ભવનના મંત્રી કરસનભાઈ હાલાઈ, લાલજીભાઈ વરસાણી, જગદીશ વાઘાણી, દિનેશ પિંડોરીયા સહિત અનેક અગ્રણીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે કચ્છ યુનિ. ના પ્રો. કશ્યપ ત્રિવેદી, પૂર્વ આચાર્ય મણિલાલ ઠક્કર, કમલાબેન ઠક્કર, શાળાના પૂર્વ સુપરવાઈઝરશ્રી જીતેન્દ્ર પાલિવાડ, નાટ્યકાર મનન ઠક્કર, શીલાબેન ભટ્ટે સેવા આપી હતી. જેઓને સંસ્થાના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ઉતમચરણદાસજી તથા કેળવણી મંડળના ઉપપ્રમુખ જનકભાઈ ભટ્ટે સાલ ઓઢાડી સન્માન્યા હતા.

કાર્યક્રમનું સમગ્ર આયોજન અને વ્યવસ્થા શાળાના શિક્ષકો સર્વશ્રી વિનય રાવલ, દિલિપ ભટ્ટ, સહદેવસિહ જાડેજા, હિતેશ વ્યાસ, ચેતન લાખાણી, મનસુખ મગરા, દીનાબેન જોબનપુત્રા, ધીરેન ગોર અને આરીફ મલેક સહિત સમગ્ર સ્ટાફે સંભાળ્યું હતું. જ્યારે કાર્યક્રમની ઉદઘોષણા કે.એચ.કોઠાડીયાએ કરી હતી.

અહેવાલ :- આચાર્યશ્રી

## શ્રી સહજાનંદ ગુરુકુળ, માનકુવા ખાતે યોજાયો સરસ્વતી સન્માન સમારોહ સાથે વાર્ષિકોત્સવ

શ્રી સહજાનંદ ગુરુકુળ, માનકુવા સંચાલિત શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમતેમજ સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થા મંડળના પ્રમુખ મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી યજ્ઞપુરુષદાસજી તથા પ્રસંગને દીપાવવા પધારેલા માનવવંતા મહેમાનશ્રીઓમાં સાંસદ સભ્યશ્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ત્રિકમભાઈ છાંગા તેમજ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી કેશુભાઈ પારસિયાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

યુવા સાંસદ સભ્યશ્રી વિનોદભાઈ ચાવડાએ વિદ્યાર્થી જીવનનું મહત્ત્વ દર્શાવી ઊંચું નિશાન રાખવાની પ્રેરણા આપી હતી તથા શ્રી સહજાનંદ ગુરુકુળ દ્વારા થતા શૈક્ષણિક કાર્યો તેમજ સંસ્કારોની પ્રશંસા કરી હતી. જ્યારે શ્રી ત્રિકમભાઈ છાંગાએ વિદ્યાર્થીઓને સારા પરિણામોની સાથે સ્પર્ધાત્મક યુગમાં પોતાનું મહત્ત્વ પ્રસ્થાપિત કરવાની હાકલ કરી હતી. અને ગુરુકુળ પરંપરાને જીવનમાં ઉતારવાની શીખ આપી હતી.

સંતવર્ય સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ પોતાના વકતવ્યમાં જીવનમાં મા-બાપ તેમજ ગુરુના

મહત્ત્વની વાત સમજાવી ભવિષ્યમાં ઉતરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી.

ગતવર્ષ શાળાનું ધોરણ ૧૦નું પરિણામ૯૩% જ્યારે ધો. ૧૨(સા.પ્ર.)નું પરિણામ૧૦૦%ને ઉપસ્થિત લોકોએ વધાવી લીધું હતું. શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઉપસ્થિત પૂ. સંતવૃંદ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે શાળાને ઉત્કૃષ્ઠ શીખરે પહોંચાડનાર શિક્ષકશ્રીઓને પણ સન્માનવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા અતિ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. ભવ્યાતિભવ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ આનંદની લાહણી માણી હતી. વાલી મિલનને કારણે બહુ મોટી સંખ્યામાં વાલીઓની હાજરી વિદ્યાર્થીઓના ઉત્સાહપ્રેરક બની રહી. વિદ્યાર્થી દ્વારા રજૂ થયેલ જિમ્નાસ્ટિકના દાવ ઉત્કૃષ્ટ રહ્યા. આ સંસ્થા દ્વારા રજૂ થતા સાંસ્કૃતિક કાર્યક્રમો હંમેશાં ધર્મ અને સંસ્કારોને ધ્યાને રજૂ થતા હોઈ લોકોમાં એક આગવી છાપ ઉભી કરી છે. આ પ્રસંગે સંતવર્ય સ.ગુ. પુ. સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી ઘનશ્યામસેવકદાસજી, સ્વામી નિલકંઠચરણ દાસજી, સ્વામી અક્ષરવિહારીદાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, સ્વામી રાધારમણદાસજીના જિ.પ્રા. શિક્ષણ અધિકારીશ્રી ઉમેશભાઈ રૂડાણી તેમજ સંસ્થાના ટ્રસ્ટીગણ, વાલીમિત્રો, સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલનશ્રી ગૌતમકૈલાએ સંભાળ્યું હતું. જ્યારે આભારવિધિ સંસ્થાના સંચાલક સંતશ્રી ગોલોકવિહારીદાસજી સ્વામીએ કરી હતી.

અહેવાલ :- સ્વામી ગોલોકવિહારીદાસજી

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી નારણપરની વિવિધ પ્રવૃત્તિઓ

શિક્ષકદિનની ઉજવણી :- તા. ૫-૯-૨૦૧૪ શુક્રવારના દિવસે શ્રી ઘનશ્યામએકેડેમી નારણપરમાં ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનને શિક્ષકદિન તરીકે ઉજવ્યો. આ દિવસે આચાર્ય બનેલી છાત્રાએ ડૉ. રાધાકૃષ્ણનના જીવન પર વક્તવ્ય આપ્યું હતું. શાળાના શિક્ષિકાએ પણ સાચો શિક્ષક કેવો હોવો જોઈએ એ વિશે વાત કરી. આચાર્યશ્રી અને સ્વામી ધર્મચરણદાસજીએ પણ પ્રેરક પ્રવચન આપ્યા હતા. આ દિવસે શાળાના વિદ્યાર્થીઓએ એક દિવસના શિક્ષક બનીને પણ સાચા શિક્ષકો જેવું જ અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. મધ્યાન સમયે શિક્ષકદિનના શિક્ષકો અને શાળામાં કાર્યરત શિક્ષકો વચ્ચે એક મિનિટની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેકે ઉલ્લાસભેર ભાગ લીધો હતો. અંતમાં શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક આપી નવાજવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકવૃંદે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમઆચાર્યશ્રીની દેખરેખ હેઠળ થયો હતો તથા સંચાલક સંતોએ શિક્ષકોને શિક્ષકદિનની શુભકામનાઓ પાઠવી હતી.

હિન્દી હમારી શાન હે । :- આપણા સંવિધાનમાં હિન્દીને રાષ્ટ્રભાષાનું ગૌરવ પ્રાપ્ત છે. પણ આજે હિન્દી કરતા અંગ્રેજીનું વર્ચસ્વ વધી રહ્યું છે. ત્યારે ભારતભરમાં હિન્દી સપ્તાહ ઉજવી હિન્દીને સમ્માન આપવામાં આવી રહ્યું છે. આ અનુસંધાનમાં શ્રી ઘનશ્યામએકેડેમીએ પણ હિન્દી સપ્તાહની

આગવી ઉજવણી કરી. તા. ૮-૯-૨૦૧૪ થી ૧૩-૯-૨૦૧૪ સુધી આખું અઠવાડિયું શાળા જાણે હિન્દીમય બની રહ્યું. પ્રાર્થનાસભામાં વિવિધ કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા, જેમાં શિક્ષકો દ્વારા હિન્દી પર વક્તવ્ય, તુલસીદાસનું જીવન કવન, રાષ્ટ્રભાષાનું મહત્ત્વ અને હાસ્ય કવિતા પઠન વગેરે જ્યારે વિદ્યાર્થીઓએ સંવાદ, નાટક, સમૂહગીત અને કવિતા ગાયન તથા વિરામચિહ્નોનું ભાષામાં મહત્ત્વ જેવા કાર્યક્રમો રજૂ કર્યા હતા.

શાળાના આચાર્યશ્રી અને સંચાલક સંતમંડળે શિક્ષકો અને વિદ્યાર્થીઓના કાર્યની સરાહના કરી હતી.

આતંરરાષ્ટ્રીય કક્ષાએ ફૂટબોલમાં પસંદગી :- શ્રી ઘનશ્યામએકેડેમીના વિદ્યાર્થીઓએ પોતાનું જોશ દેખાડી અને ખેલ જગતના આકાશમાં તારાઓ સાથે પોતાનું નામઅંકિત કરાવ્યું છે. શ્રી ઘનશ્યામ એકેડેમીના બે વિદ્યાર્થી દબાસીયા ઉમેશ પ્રવિણભાઈ અને વાઘાણી નિલેશ ખીમજીભાઈ આંતરરાષ્ટ્રીય કક્ષાએ મીની ફૂટબોલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજ્યની યંગ ઈલેવન ટીમમાં સ્થાન મેળવી નેપાળમાં પોખરા મુકામે પહોંચ્યા હતા. આ ટીમે તા. ૧૩-૮-૨૦૧૪ના ફૂટબોલ ટુર્નામેન્ટમાં રમી અને અને તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. અહીં ભારત સાથે ગુજરાત, શાળા અને માતાપિતાનું નામરોશન કર્યું છે.

આ માટે શાળા સંચાલક સંતમંડળના સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી તથા સ્વામી દિવ્યપ્રકાશદાસજી અને ટ્રસ્ટીઓ તથા શાળાના આચાર્યશ્રી જીતેન્દ્ર ખેમચંદએ બંને વિદ્યાર્થીઓની પીઠ થબથબાવીને આશીર્વાદ સાથે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને વધુને વધુ પ્રગતિ કરતા રહો એવા શુભાશિષ આપ્યા હતા.

અહેવાલ :- આચાર્યશ્રી

## ભક્તિનગર : ઉજમણી

ભક્તિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૬-૯ના સત્સંગ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ.સાં.યો. બહેનોએ ખૂબ જ મહેનત કરી હતી. આ પરીક્ષામાં લગભગ ૧૩૦ બહેનોએ લાભ લીધેલ. બધાને ૭૦ થી ઉપર માર્કસ આવેલ છે. ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવનાર બહેનોમાં જોધાણી રાધાબેન હરજી, દબાસીયા લખીબાઈ કેશરા, હીરાણી નાનુબેન રાજેશ, વેલાણી શાન્તાબેન પ્રેમજી તેમને સાં.યો. બહેનોએ ખૂબ જ આશીર્વાદ આપ્યા હતા.

ભક્તિનગર સધુરાઈ તળાવ કિનારે ભવ્યાતિભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવેલ. તેમાં વડીલ સંતો સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી દેવકૃષ્ણદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી, પ્રસાદી મંદિરેથી સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી સનાતનદાસજી, અંજાર મંદિરેથી ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી શાન્તિપ્રિયદાસજી વગેરે વડીલ સંતોએ હાજરી આપી હતી. સંચાલન સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ કર્યું હતું. ઉજવણીના યજમાન ભક્તિનગર સ્વામિનારાયણ મંદિરના મહંત પુરબાઈ ફઈ હતા. થોડીવાર રાસોત્સવ, હરિભક્તો, સંતો, સત્સંગી બહેનો રાસની રમઝટ માણી હતી. સ્વામી શ્રીહરિદાસજી બહુ જ રૂડા આશીર્વાદ આપ્યા હતા. સ્વામી રામસ્વરૂપદાસજી લોયાના-ઉજા વચનામૃતનું જ્ઞાન આપ્યું હતું.

અહેવાલ :- જોધાણી રમીલા દેવજી, ભક્તિનગર

# નૂતન વર્ષાભિનંદન



દીવાળી તથા નવા વર્ષના અભિનંદન સાથે જયશ્રી સ્વામિનારાયણ.

સંવત ૨૦૭૧નું નવું વર્ષ આપના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહ ભક્તિમાં વૃધ્ધિ કરનારું તેમજ શ્રીજી મહારાજની આજ્ઞા અને ઉપાસનામાં દઢતા લાવનારું થાય. નૂતન વર્ષ આપને સ્વાસ્થ્યસભર આરોગ્ય, કુટુંબમાં પારસ્પરિક આત્મીયતા સાથે સંપ વધારનારું નીવડે, આરંભેલા સત્કાર્યો નિર્વિઘ્ને સંપન્ન થાય, કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા આદિ અંતઃશત્રુઓનું બળ ઘટે અને સત્સંગનું બળ વધે, સત્સંગમાં દાસાનુદાસના ભાવ સાથે સત્સંગને સમર્પિત થવાય એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

લી. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી

## નૂતન વર્ષાભિનંદન



જયશ્રી સ્વામિનારાયણ !

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકો, વાંચકો, સેવાભાવી કાર્યકરો, કર્મચારીઓ, લેખકો અને શુભચિંતકોને દિવાળીની શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન સાથે અંતરના આશીર્વાદ.

દીપોત્સવ એટલે આત્માના અંધકારને ઉલેચી અધ્યાત્મનો પ્રકાશ પાથરવાનો પર્વ. આપના જીવનમાં દરેક ક્ષેત્રમાં સાફલ્ય, સિધ્ધિ અને સમૃધ્ધિના અજવાળાં પથરાય તેમજ આપનું જીવન પ્રસન્નતા, પ્રફુલ્લિતતા અને પ્રભુપ્રેમના પ્રકાશથી જગમગતું રહે. આપના, આપના પરિવારના, આપના સ્નેહીજન અને પ્રિયજનના જીવનને સુખ, સંતોષ, સ્વાસ્થ્ય, સત્કાર્યો, સેવા અને સત્સંગથી હર્યુંભર્યું રાખે. આપની આકાંક્ષાઓ ફળિભૂત થાય અને ભરપૂર કુટુંબપ્રેમસાંપડે તેવી સર્વાવિતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.



– તંત્રી મંડળ

# નિમંત્રણ

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ
## સુવર્ણજયંતી મહોત્સવ - ૨૦૧૪

# ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન
# તારીખ : ૨૭-૧૦-૨૦૧૪

વિદ્યાર્થી અવસ્થા જીવનનો સુવર્ણકાળ છે. શાળામાં સહપાઠીઓ સાથે માણેલી સુખદ પળોનાં સંસ્મરણોનો આનંદ આહ્‌લાદક અને અલૌકિક હોય છે. શાળા સમયની ખાટી-મીઠી વાતોને મમળાવવા અને શ્રીકૃષ્ણ-સુદામા જેવા 'તને સાંભરે રે.. ?.. મને કેમવિસરે રે..!' જેવા સંવાદોને તાદશ કરવાનો પ્રસંગ શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને આંગણે આવીને ઊભો છે. તા. ૨૭-૧૦-૨૦૧૪ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજવાનું આયોજન છે. સુવર્ણજંયતીની ઉજવણી અંતર્ગત આયોજિત આ સ્નેહમિલનમાં પધારવા સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રણ પાઠવીએ છીએ. જીવનમાં ભાગ્યે જ સાંપડતા આવા અનેરા અવસરમાં આપ સૌને આવકારવા અમે આતુર છીએ, અમને આપની પ્રતિક્ષા છે. અવશ્ય પધારી અવસરના આનંદમાં અભિવૃધ્ધિ કરશોજી. સુખદ સંભારણું આપ સૌની રાહ જોઈ રહ્યું છે. જેમાં પધારવા આપને હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

નિમંત્રક :- શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાજી
કન્વીનર, સુવર્ણજંયતી મહોત્સવ સમિતિ

**સ્નેહમિલન :** સમય સવારે ૯ થી ૧, મિલનબાદ સમૂહ ભોજનપ્રસાદ, બપોરે ૧ વાગે
**સ્થળ :** શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, સંસ્કારનગર, ભુજ - મો. ૯૪૨૮૮ ૧૮૮૩૩

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના **Online** રજીસ્ટ્રેશન માટે
www.ssvbhuj.com
facebook : shree swaminarayan vidhyalaya bhuj

# નિમંત્રણ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને અનુમતિથી થઈ ચૂક્યો છે. ૨૦૧૪ના વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલ, ભુજમાં અભ્યાસ કરી ગયેલા દેશ-વિદેશમાં વસતા તમામવિદ્યાર્થીઓ આ ઉત્સવમાં ભાગ લે તેવી વડીલ સંતોની અપીલના અનુસંધાને નિવેદન કે દેશ-વિદેશના તમામભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાની માહિતી વહેલી તકે નીચેના સરનામે પહોંચાડે, જેથી તેમનો સંપર્ક શક્ય બને અને આમંત્રિત કરી શકાય.

**માહિતીની વિગત :-** નામ, શૈક્ષણિક લાયકાત, પોસ્ટલ એડ્રેસ, ઈ-મેઈલ, ફોન નંબર, મોબાઈલ નંબર, વ્યવસાય, વતનના ગામનું નામવગેરે માહિતી આપવી.

**માહિતી મોકલવાનું સરનામું :-** E-mail : ssvbhuj@yahoo.com શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, સંસ્કાર નગર, ભુજ-કચ્છ.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના **Online** રજીસ્ટ્રેશન માટે : **www.ssvbhuj.com**
**facebook : shree swaminarayan vidhyalaya bhuj**

## ભાવભર્યું આમંત્રણ

### ૧૧મી શ્રી સ્વામિનારાણ સત્સંગ શિબિર

આગામી તા. ૨૮ ઓક્ટોબરથી ૧ નવેમ્બર કારતક સુદ-૫ થી કારતક સુદ-૯ સુધી પંચદિવસીય ભવ્ય નિવાસી સત્સંગ શિબિર યોજવવામાં આવે લ છે. જેમાં રાત્રી રોકાણ કરનારને ફોર્મ ભરવાના રહેશે જ્યારે બીજા ભક્તો સવાર સાંજ શિબિરનો લાભ લઈ શકશે.

વિદ્યા વિનાનો માનવ પશુ સમાન છે. વિદ્યાલયો મનુષ્યમાં શિક્ષણ અને સંસ્કારો દ્વારા માનવતાના ગુણોનું સિંચન કરી તેની પ્રગતિમાં પ્રેરક બળ પુરવાર થાય છે. આપણા ભુજ મંદિર દ્વારા સત્સંગીઓના જીવન વિકાસમાં શિક્ષણની પ્રવૃત્તિઓ દ્વારા નોંધપાત્ર યોગદાન આપવામાં આવે છે.

કન્યા કેળવણી ક્ષેત્રે પ્રાથમિક થી કોલેજ સુધીનું શિક્ષણ કન્યાઓને રહેવાની સગવડ સાથે આપવામાં આવે છે. કન્યાઓ માટેના અદ્યતન સુવિધાઓથી સજ્જ ભવ્ય વિદ્યાલય (કોલેજ બિલ્ડીંગ)ના બાંધકામનું કાર્ય પૂર્ણતાના આરે છે. જેનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૧૯,૨૦,૨૧-૧૨-૨૦૧૪ બુધવારના રોજ ધામધૂમથી ઉજવવાનું આયોજન છે.

## 'અક્ષરભુવન' ઉદ્‌ઘાટન મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રત્યક્ષ સંપર્કમાં આવેલ દિવ્ય પ્રસાદી વસ્તુનો સંગ્રહાલય 'અક્ષરભુવન' ઉદ્‌ઘાટન મહોત્સવ તા. ૧૮ થી ૨૨ નવેમ્બર કરતક વદ એકાદશીથી વદ એમાવાસ્યા સુધી રાખેલ છે.

આ અવસરે ઉપસ્થિતિ રહી અવસરના આનંદમાં અભિવૃધ્ધિ કરવાનું આપને ભાવભીનું આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ. આશીર્વાદ સહ જયશ્રી સ્વામિનારાયણ ! - મહંત સ્વામી

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત

**સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન સં.૨૦૭૧ ફાગણ વદ અમાસ તા. ૨૦-૩-૧૫ શુક્રવારથી ચૈત્ર સુદ ૭ તા. ૨૬-૩-૧૫ ગુરુવાર નારાયણ યજ્ઞ ચૈત્ર સુદ ૮ તા. ૨૭-૩-૧૫ શુક્રવાર**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામમહારાજની પરમકૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે આગામી તા. ૨૦-૩-૧૫ થી તા. ૨૭-૩-૧૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામનોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૧,૦૦૦/-**
**પોથી યજમાનનું નામકંકોત્રીમાં છાપવામાં આવશે**
**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે**

**વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે. સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે**

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે,
સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧.

## નિમંત્રણ

**શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ,**
**ગાંધીધામભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સત્સંગ સ્નેહ સંમેલન**

જયશ્રી સ્વામિનારાયણ સાથે સહર્ષ જણાવવાનું કે આ ગુરુકુળમાં અભ્યાસ કરી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સત્સંગ સ્નેહ સંમેલન તારીખ ૮ અને તા. ૯ નવેમ્બર, ૨૦૧૪ એમબે દિવસ યોજવામાં આવેલ છે.

શાળાના સહપાઠીઓ સાથે માણેલી ખાટી-મીઠી પળોનાં સુખદ સંસ્મરણો વર્તમાનયુગની જીવનશૈલીથી ઉદ્‌ભવતા મનના ખાલીપામાં સદ્‌ભાવના અને સંવેદનાની સુવાસ ભરી દે છે. જીવનની અમૂલ્ય પળોને યાદગાર બનાવવા સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આ સ્નેહ સંમેલનમાં પધારવાનું હાર્દિક નિમંત્રણ પાઠવતાં અમે હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ. અવશ્ય પધારશો.

**નિમંત્રક : પ્રમુખશ્રી પુ. સ્વામી મુક્તવલ્લભદાસજી તથા ટ્રસ્ટી મંડળના જયશ્રી સ્વામિનારાયણ.**

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો મધ્યે વિવિધ ઉત્સવો

હિંડોળા ઉત્સવ :- શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો મધ્યે યુવાનો તેમજ વડીલોએ હિંડોળા શણગારેલ જેમાં રમકડાં, ફૂલો, સૂકો મેવો, રાખડી, હીરા માણેક, વિગેરે ચીજોથી શણગારી હિંડોળા મહોત્સવ ઉજવેલ અને બહુજ સુંદર રીતે ઠાકોરજીને રાજી કરેલ. સર્વે હરિભક્તો દર્શન કરી અતિ રાજી થયા હતા અને મોટી સંખ્યામાં હરિભક્તોએ સેવા કરી આરતીનો લાહવો લીધો હતો.

શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ :- રવિવાર તા. ૧૭-૮-૨૦૧૪નાં ભવ્યાતિભવ્ય રીતે આપણા મંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવવમાં આવેલ. આજના શુભ દિવસે સવારના ભાગમાં સપ્તાહ પરાયણ હતી. તેની સમાપ્તિ કરવામાં આવેલ. જેમાં ભુજ મંદિરના સંતોએ અમૃતવાણીનો લાભ આપેલ. આ રજાનો દિવસ હોવાને કારણે લગભગ ત્રણ હજાર હરિભક્તોએ આ ઉત્સવનો લાભ લીધો હતો. અને બાલકૃષ્ણને પારણે ઝુલાવ્યા હતા. સાંજે રાસ ઉત્સવ રાખવામાં આવેલ જેમાં નંદ ઘેર આનંદ ભયોના શબ્દોથી મંદિર ગાજી ઉઠ્યું હતું. ૮:૦૦ વાગ્યે પ્રાગટ્યની આરતી ઉતારવામાં આવેલ. આ શુભ ઉત્સવના યજમાન ગામ દહિંસરાના પ.ભ. નિતેશભાઈ દેવજી માયાણી તથા ધ.પ. શીલાબહેનના સુપુત્ર રીયનની પહેલી વર્ષગાંઠ પ્રસંગે યજમાન પદે રહ્યા હતા. તેમજ સપ્તાહ પારાયણના યજમાન પદે રહ્યા હતા. તેમજ સપ્તાહ પારાયણના યજમાન ગામ કેરાના પ.ભ. પ્રેમજીભાઈ માવજી હરસીયાણી તરફથી ઠાકરથાળી મહોત્સવ રાખવામાં આવેલ.

આજના અતિ શોભાયમાન શ્રી ઘનશ્યામ મહારાજના વાઘા ગામ માધાપરના વાંસતી નંદલાલ હીરાણી તરફથી ભેટ કરવામાં આવેલ.

**શ્રી ઘનશ્યામ મહારાજને નીચે જણાવેલ હરિભક્તોએ ભેટ અર્પણ કરેલ.**

- ગામ સુરજપરના પ.ભ. મહેન્દ્રભાઈ લાલજી હીરાણી તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને એક સોનાની ચેન ભેટ અર્પણ કરેલ.
- ગામ બળદીયાના પ.ભ. અમૃતબેન નારણ વેકરીયાની પચાસમી વર્ષગાંઠ પ્રસંગે હ. નારણભાઈ હરજી પુત્ર રૂપેશ તથા જયદીપ સહપરિવાર તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને ભેટ અર્પણ કરેલ.
- ગામકેરાના હસ્મીતાબહેન રૂષી તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને ભેટ અર્પણ કરવામાં આવેલ.
- ગામકેરાના પ.ભ. પ્રેમજીભાઈ માવજી હરસીયાણી તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને ભેટ અર્પણ કરવામાં આવેલ.
- ગામદ હીંસરાના પ.ભ. મહેશભાઈ ભંડેરી તથા ધ.પ. નિતિક્ષાબહેન તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને ભેટ અર્પણ કરવામાં આવેલ.

આ પ્રમાણે સર્વે હરિભક્તોએ લાભ લીધેલ અને છેલ્લે પ્રસાદ લઈ અને વિદાય લીધી હતી.

શ્રી ગણેશ ચતુર્થી :- વિઘ્નહર્તા ગણેશજીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. ભક્તજનોએ ગણેશજીને લાડુ પ્રેમથી જમાડેલ. સાંજે રાસ ઉત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. આ ઉત્સવના યજમાનપદે ગામ રામપરના પ.ભ. મનજીભાઈ કરસન કેરાઈ ધ.પ. કુંવરબાઈ સહપરિવાર અને ગામ કેરાના જયેશભાઈ ધનજી વરસાણી સહપરિવાર રહ્યા હતા.

અહેવાલ :- પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાઘજી માયાણી
મંત્રીશ્રી કાનજી મનજી કેરાઈ

## ઓલ્ડહામ યુવક-યુવતી મંડળની ત્રણ દિવસ માટે ચેસ્ટરમાં શિબિર

શુક્રવાર તા. ૨૯-૮-૧૪થી રવિવાર તા. ૩૧-૮-૨૦૧૪ ઓલ્ડહામ યુવક-યુવતી મંડળની ત્રણ દિવસ માટે ચેસ્ટરમાં શિબીર રાખેલ હતી.

શુક્રવાર તા. ૨૯-૮-૧૪નાં રોજે સવારના વિષયમાં આરતીનો મહિમા સંતોએ યુવક-યુવતીઓને સમજાવ્યું હતું. અને બપોર પછી રમત-ગમત અને ૪:૦૦ થી ૫:૦૦ ધાર્મિક પ્રવચન ગણેશ પૂજન અને આરતી પ્રસાદ ભોજન બાદ કથા નિત્ય નિયમ કરવામાં આવેલ.

શનિવાર તા. ૩૦-૮-૧૪નાં સવારના વિષયમાં ધૈર્ય અને લક્ષ્ય વિશે પ્રશ્ન, ઉત્તરની ચર્ચા કરીને સંતોએ યુવક-યુવતીઓને સમજાવ્યું હતું. બપોર પછીના સમયમાં રમત-ગમત રાખવામાં આવેલ.

રવિવાર તા. ૩૧-૮-૧૪નાં રોજ સવારના વિષયમાં મંદિરનું શું મહત્ત્વ છે તે વિશે અને દર્શન કેવી રીતે કરવા તેનું મહાત્મય સમજાવવામાં આવ્યું હતું. દર્શન કરતી વખતે મન ક્યાં અને કેવી રીતે રાખવું તેના વિશે સમજાવ્યું હતું.

શિબીરમાં ગયેલ દરેક વ્યક્તિને ખૂબ જ આનંદ આવ્યો હતો અને શનિવાર બોલ્ટનથી પણ હરિભક્તો આવીને આ શિબીરનો લાભ લીધો હતો.

અહેવાલ :- નારણભાઈ કારા, ઓલ્ડહામ

## યુ.કે.માં સત્સંગ શિબિર

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ યુ.કે.માં કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિરો દ્વારા શિબિર(કેમ્પ)નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ એક દિવસીય સ્પોર્ટ ડેનું આયોજન પણ શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડિફ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં આઠે મંદિરના યુવાનોએ લાભ લીધો હતો. ત્યાર પછી શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનની શિબિરનો પ્રારંભ થયો તા. ૭-૮-૨૦૧૪ થી ૧૩-૮-૨૦૧૪ સુધી. જેમાં "બેક ટુ સ્કુલ" વિષય પર વિવિધ સ્લાઈડ દ્વારા વિવિધ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. આ શિબિરમાં બાળ-યુવક અને યુવતીઓ મળીને ૨૦૦ જેટલા ભક્તોએ લાભ લીધો હતો. શિબિર અતર્ગત રવિવારે ઓપન ડે રાખવામાં આવ્યો હતો. શિબિરના છેલ્લા દિવસે મહાપૂજા અને અભિષેક કરવામાં આવ્યો હતો.

બીજી શિબિર તા. ૧૩-૮-૨૦૧૪ થી ૧૭-૮-૨૦૧૪ સુધી કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર હેરોમાં, જેમાં "મારું અંગ" એ વિષય પર સ્લાઈડ અને સંત સમાગમ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા યુવાનો તથા યુવતીઓએ ભાગ લીધો હતો. છેલ્લે દિવસે મહાપૂજા રાખવામાં આવી હતી.

ત્રીજી શિબિર શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડીફ, વુલ્વીચના યુવાનોએ મળીને કરી હતી. જેમાં બોલ્ટનના યુવા-યુવતીઓએ ભાગ લીધો હતો. આ ત્રણે મંદિરના ૨૦૦ જેટલા યુવાનો તથા યુવતીઓએ શિબિરમાં ભાગ લીધો હતો. જે તા. ૨૨ થી ૨૫ ઓગસ્ટ સુધી રાખવામાં આવી હતી. જેમાં "ગુડ લાઈફ" વિષય પર પ્રેઝન્ટેશન દ્વારા જે મળ્યા છે તેમને, ભક્તિ, દીક્ષા વિગેરે વિષયો રજૂ કરી તે પર ગ્રુપ ચર્ચા કરવામાં આવી હતી.

ચોથી શિબિર તા. ૨૯ થી ૩૧ ઓગસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ દ્વારા રાખવામાં આવી હતી. જેમાં ૧૦૦ જેટલા યુવાનો તથા યુવતીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં આરતી શા માટે ?, દર્શન કેવી

રીતે કરવા, જીવનનો ધ્યેય વિગેરે વિષયો પર સંતોએ સ્લાઈડ શો દ્વારા માર્ગદર્શન આપ્યું. અને યુવાનોએ શ્રીહરિના પરચાની વાતો કરી હતી. જેમાં ગણેશ ચતુર્થીના દિવસે ગણેશ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ દરેક શિબિરોમાં સંતો અને યુવાનો દ્વારા પ્રેઝન્ટેશન અને ગ્રુપ ચર્ચા, વર્કશોપ જેવા કાર્યો રાખવામાં આવ્યા હતા. સાથે આઉટડોર-ઈન્ડોર ગેમ્સ, બાર્બેક્યુ, રાસ, ભજન વિગેરે કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. આ શિબિરોમાં યુવક મંડળના સંતોમાં પુરાણી સ્વામી વિશ્વવલ્લભદાસજી, શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી, શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજી તથા કોઠારી પાર્ષદ ખીમજી ભગત વિગેરે સંતો હાજરી આપીને સાચું જ્ઞાન આપી સાચા સિધ્ધાંત પર ચાલવાની પ્રેરણા આપી હતી.

આ રીતે વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિ અને સંપ્રદાયના સિધ્ધાંતો જળવાઈ રહે, નવી પેઢીને જીવન જીવવાનો રાહ મળે એ માટે દર વર્ષે આવા આયોજનો કરવામાં આવે છે.

અહેવાલ :- સ્વામી સંતસ્વરૂપદાસજી

## શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ - ઓસ્ટ્રેલિયા

શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ, ઓસ્ટ્રેલિયાની નવમી વાર્ષિક જાહેર સભા રવિવાર તા. ૧૪-૯-૨૦૧૪ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થના સભા મંડપમાં બપોરના ૨:૩૦ થી ૫:૦૦ વાગ્યા દરમ્યાન રાખવામાં આવેલ. કોરમપુરો થતા શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષ સાથે સભાનું કાર્ય શરૂ કરવામાં આવેલ. મંત્રીશ્રી જયેન્દ્રભાઈ હરિકૃષ્ણ સોનીએ સભામાં આવેલા સર્વે સત્સંગી હરિભક્તોને આવકાર્યા બાદ, ગત વાર્ષિક જાહેર સભાની નોંધનું વાંચન કરવામાં આવેલ.

ત્યારબાદ મંત્રીશ્રીએ વાર્ષિક અહેવાલનું વાંચન કર્યા બાદ, ખજાનચીશ્રી હરેશભાઈ લાલજી કેરાઈ ગત વર્ષનો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું વાંચી સંભળાવેલ જે સર્વાનુમતે પાસ કરવામાં આવેલ.

ત્યારબાદ અધ્યક્ષશ્રી મનજીભાઈ શિવજી ભંડેરી વર્ષ દરમ્યાન મંદિર વિષેની જે જે પ્રગતિ થયેલ તથા આપણા સંપ્રદાયના તમામ ધાર્મિક તહેવારો ખૂબ જ ધામધૂમથી ઉજવેલ તેમનો વિસ્તૃત અહેવાલ સભાજનોને જણાવેલ. તેમજ મંદિરની તમામપેટા સમિતીના સભ્યો ખૂબ જ તન, મન અને ધનથી વર્ષ દરમિયાન પોતાનુંજ કાર્ય સમજીને ખૂબ જ નિખાલસ ભાવથી સેવા કરેલ છે. તે બદલ તમામ સેવાભાવી ભક્તોનો આભાર વ્યક્ત કરેલ. ત્યારબાદ તેઓએ જણાવેલ કે તેમના સમયગાળા દરમ્યાન જે કોઈ ભાવિક ભાઈઓ તથા બહેનો મંદિરના કાર્યમાં મદદરૂપ થયેલ સર્વેનો આભાર વ્યક્ત કરેલ. છેલ્લે તેઓના આ સ્થાન ઉપર ટ્રસ્ટી મંડળ, કાર્યકરો તથા સર્વે હરિભક્તોનો સાથ સહકાર મળેલ તે બદલ અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરેલ.

ત્યારબાદ ચાલુ કાર્યવાહક સમિતિને બરખાસ્ત કર્યાબાદ ચુંટણી અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ. અંતમાં નીચે જણાવેલ મુજબ વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે કાર્યવાહક સમિતિના હોદ્દેદારો અને સભ્યોની ચુંટણી કરવામાં આવેલ.

અધ્યક્ષશ્રી મનજીભાઈ શીવજી ભંડેરી - વેકરા, ઉપાધ્યક્ષશ્રી કાંતિલાલભાઈ વિશ્રામગોપાલ પિંડોરીયા-માધાપર, મંત્રીશ્રી જયેન્દ્રભાઈ હરિકૃષ્ણ સોની - દેત્રોજ, સહમંત્રીશ્રી વિનોદભાઈ વેલજી હિરાણી - સુખપર-રોહા, ખજાનચીશ્રી હરેશભાઈ લાલજી કેરાઈ - ગોડપર, સહખજાનચીશ્રી કિશોરભાઈ લાલજી સેંગાણી - નારણપર, હિસાબ ચોકસીશ્રી ધનજીભાઈ રામજી ભુડીયા - માનકુવા, સભ્યોશ્રી પ્રવિણભાઈ ભીમજી પિંડોરીયા - વેકરા, જગદીશભાઈ રવજી જેસાણી - બળદીયા, પ્રવિણભાઈ હીરજી વાગજીયાણી - સુખપર, કવિતભાઈ ધનજી ભુડીયા - માનકુવા.

ટ્રસ્ટી મંડળને પાંચ વર્ષની મુદત હોવાથી વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટેના સભ્યોની નીચે જણાવેલ મુજબ ટ્રસ્ટી મંડળના સભ્યો હોદ્દાની રુવે ચાલુ સાલે પણ રહેલ છે.

ટ્રસ્ટી મંડળશ્રી : ધનજીભાઈ નાનજી હાલાઈ - મેઘપર, ધનજીભાઈ લાલજી પિંડોરીયા - માધાપર, હરજીભાઈ લાલજી ભુડિયા - માનકુવા, નરેશભાઈ પરબત હાલાઈ - દહીંસરા, સામજીભાઈ ધનજી હરસિયાણી - કેરા.

આ પ્રમાણે ટ્રસ્ટી મંડળની અને કાર્યવાહક સમિતિના હોદ્દેદારો અને સભ્યોની વર્ષ, ૨૦૧૪-૨૦૧૫ માટેની વરણી બહુમતે કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રીશ્રી, જયેન્દ્રભાઈ હરિકૃષ્ણ

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર બોલ્ટન

આપણા બોલ્ટન મંદિરનો ૪૧મો પાટોત્સવ સોમવાર તા. ૧-૯-૧૪ થી રવિવાર તા. ૭-૯-૧૪ સુધી આપણા ભુજ મદિરથી પધારેલ સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના મંડળના સંતોમાં સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી આદિ સંતો તેમજ ભુજથી પધારેલ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી, પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી સૂર્યપ્રકાશદાસજી આદિ સંતોના સાંનિધ્યમાં પાટોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ પારાયણના યજમાન સૌથી ઊંચો આંક આપીને ગામદહીંસરાના સંજય નારણ પાંચાણી, ધ.પ. નિતાબેન તથા નિહારીકા નારણ પાંચાણી આદિ સહકુટુંબ પરિવાર રહ્યા હતા.

આ પ્રસંગને શોભાવવા માટે તા. ૬-૯-૧૪ શનિવારના ઠાકોરજીના અભિષેકના દિવસે વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. તેમજ તેમના વરદ્ હસ્તે તેમજ ભુજ મંદિરના વડીલ આદિ સંતોના વરદ હસ્તે ઠાકોરજીના અભિષેક તેમજ મંદિરના શિખરો ઉપર ધ્વજારોપણ કાર્યક્રમરાખવામાં આવેલ. અને હરિભક્તોને દર્શનનો લાભ આપવામાં આવેલ. તેમજ ઠાકોરજીના અભિષેકના સૌથી ઊંચો આંક આપી કરીને યજમાનપદે ગામનારણપરના અ.નિ. વેલજીભાઈ કરસન પિંડોરીયા, અ.નિ. દેવબાઈ વેલજી પિંડોરીયા હસ્તે સુપુત્ર નારણભાઈ વેલજી પિંડોરીયા રહ્યા હતા. તેમજ ધ્વજારોપણના યજમાન પદે સૌથી ઊંચો આંક આપીને ગામ કુંદનપરના વાલજીભાઈ ગાંગજી હાલાઈ તથા ગામ કેરાના કરસનભાઈ નાનજી હાલારીયા તથા બોલ્ટનના સત્સંગી બહેનો મળીને ધ્વજારોપણના યજમાન પદે રહ્યા હતા.

આ પારાયણમાં ભુજથી પધારેલ શાસ્ત્રી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તેમજ પુરાણી સ્વામી સત્યપ્રકાશદાસજી બન્ને વક્તાશ્રીઓએ પોતાના અમૃત સમાન મીઠી વાણીથી કથા સંભળાવી હરિભક્તોને રાજી કરેલ હતા.

કથા દરમ્યાન યુવતી મંડળ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ બોલ્ટનના યુવકો તરફથી કીર્તન ભજનનો પોગ્રામરાખવામાં આવેલ તેમજ ઠાકરથાળી ઉત્સવ તેમજ રાસોત્સવ પણ રાખવામાં આવેલ. તેમજ પૂર્ણાહુતિના દિવસે બપોરના સૌ હરિભક્તોને ભોજન પ્રસાદના યજમાનપદે ગામ માનકુવાના અ.નિ. સામબાઈ શિયાણી સહપરિવારના આત્યાંતિક મોક્ષાર્થે યજમાનપદે રહ્યા હતા. છેલ્લે મંદિરવતીથી મંદિરના પ્રમુખશ્રી દ્વારા સૌનો આભાર માનવામાં આવેલ.

અહેવાલ :- પ્રમુખશ્રી મનજીભાઈ ગાંગજી હાલાઈ
મંત્રીશ્રી વાલજીભાઈ ગાંગજી હાલાઈ



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

## ધર્મદેવના ઘેર દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ

બાળમિત્રો !, જય શ્રી સ્વામિનારાયણ... આપણા માટે મોટો ઉત્સવ એટલે દિવાળીના દિવસો દિવાળી આવે એટલે દરેકને મજા આવે. ફટાકડા ફોડવા મળે, નવા કપડાં મળે, મીઠાઇ ખાવા મળે, સગાં સંબંધીને મિત્રોને મળીએતો આશીર્વાદની સાથે થોડા રૂપીયાએ મળે, બરાબરને. તો ચાલો આ વખતે આપણે ઘનશ્યામ મહારાજનું દિવાળી ઉત્સવનું એક ચરિત્ર વાંચીને ઘનશ્યામ મહારાજની સાથે ઉત્સવમાં જોડાઇએ.

દિવાળીના રૂડા દિવસો આવ્યા. ત્યારે અયોધ્યામાં સર્વે મનુષ્યો સારાં સારાં વસ્ત્ર ઘરેણાં પહેરીને દેવદર્શન કરવા સારૂં અને પોતપોતાનાં સગાં વહાલાંના ઘેર મળવા સારૂં જાય છે. ત્યારે સુવાસનીબાઇએ ભક્તિમાતાને કહ્યું કે એમો પણ ઘનશ્યામ માહારાજને તથા ઇચ્છારામભાઇને વસ્ત્ર ઘરેણાં પહેરાવી દેવદર્શને જઇએ છીએ. એમકહી સુવાસની ભાભી ઓરડામાં જઇ ઘનશ્યામ માહારાજ માટે પટારામાંથી કપડાં કાઢે છે. ત્યારે ઘનશ્યામ માહારાજે કહ્યું જે, ભાભી! એ પેટારામાં તો ગયા વર્ષના કપડાં છે. અમોને તો પેલા નવા પટારામાંથી નવા વસ્ત્ર ઘરેણાં કાઢીને પહેરાવો. ત્યારે સુવાસની ભાભી બોલ્યા જે, અરે ઘનશ્યામભાઇ એમાં તો કંઇ નથી એતો ખાલી છે. ત્યારે ઘનશ્યામ મહારાજે કહ્યું, તેમો તે પટારાને અહીંતો લાવો. ત્યારે સુવાસનીબાઇ વિશ્વાસ લાવીને તે નવા પટારાને બહાર કાઢીને ઘનશ્યામ મહારાજની આગળ લાવીને ખોલ્યો ત્યાં તો તે પટારામાંથી બહુ મૂલ્ય નવા જરીયાની વસ્ત્રો તથા નંગ જડીત સોનાનાં ઘરેણાં જોવામાં આવ્યા. તે જોઇને ભાભી મહાવિસ્મય પામીને વિચારવા લાગ્યા કે આ નવા વસ્ત્રો અને ઘરેણાં આવ્યા કયાંથી આમવિસ્મય પામતાં થકાં. તે વસ્ત્ર ઘરેણાં બન્ને ભાઇને પહેરાવીને પોતે પણ તેમાંથી ઘરેણાં પહેર્યા. ત્યાર પછી રુમમાંથી બહાર આવી ભક્તિમાતા પાસે આવ્યાં. નવા વસ્ત્ર-ઘરાણાં જોઇને ભક્તિમાતા પૂછયું કે, આવાં નવા વસ્ત્ર-ઘરેણાં આપણા ઘરમાં હતાં નહિને કયાંથી આવ્યા? ત્યારે સુવાસની બાઇએ કહ્યું કે, એ તો ઘનશ્યામભાઇના પ્રતાપથી આવ્યા છે. એમના પ્રતાપથી ઘરમાં કંઇ ખોટ જ નથી. આ વાત સાંભળીને ભક્તિમાતા બહુ રાજી થયાં.

ત્યાર પછી મંદ મંદ હસ્તા ઘનશ્યામ મહારાજે ભક્તિમાતાને કહ્યું, કે હે મા! અમો બન્ને ભાઇ ભાભી સાથે દેવદર્શન કરવા જઇએ છીએ, ત્યાં સુધીમાં તમો રસોઇ કરી રાખજો. એમ કહીને સુવાસિની ભાભી સાથે બન્ને ભાઇ એક બીજાની આંગળીઓ ઝાલીને ચાલ્યા, તે ગામમાં દેવદર્શન કરી સર્વે સગાં સંબંધિને મળીને સાંજે પાછા પોતાના ઘરે આવ્યા. તે સમયે પિતા ધર્મદેવે તૈયાર કરી રાખેલાં જે મેરૈયાં તેમાં દીવેલ પૂરી કાકડા મૂકી, પછી સળગાવીને પોતાના સર્વે સખાઓની સાથે ઘરોઘર ફરતા ફરતા 'આગડી માગડી મેર મેરૈયાં' આમબોલતા બોલતા ફર્યા. પછી તેલ પુરાવીને તે મેરૈયાંને ચકલે નાખી દઇને પોતાને ઘેર આવ્યા. ભૂખ લાગેલી તેથી ભક્તિમાતાએ કરી રાખેલી રસોઇ પિતા, ભાઇ રામપ્રતાપજી, ઇચ્છારામજી સહિત સર્વે જમવા બેઠા. જમતાં જમતાં શ્રીહરિ બોલ્યા હે મા, આવતીકાલે અન્નકૂટનો દિવસ છે. માટે મંદિરોમાં તો અન્નકૂટ ભરાસે તો આપણે આપણાં ઘરે પણ ભગવાનની આગળ અન્નકૂટ પૂરીને જમાડીએ.

એમ કહીને જમીને બહાર અવ્યા. વેણીરામ વગેરે મિત્રોને બોલાવીને કહ્યું જે આવતીકાલે સવારે તમો સર્વે મારા ઘરે આવજો, અન્નકૂટના દર્શન કરવા ને પ્રસાદ લેવા, આબાજુ ભક્તિમાતા દીવાળીના દિવસથી જ અન્નકૂટની તૈયારી કરવા લાગ્યાં અને સગાં સંબંધી આડોશી પાડોશીને બોલાવી અન્નકૂટ માટે વિવિધ પક્કવાનો ફરસાણો વગેરે બનાવવા લાગી ગયા. જોત-જોતાંમાં ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી બધું તૈયાર થઈ ગયું. સવાર થયું નિત્ય કર્મ કરી ઘનશ્યામ મહારાજે પિતાજીને કહ્યું, હે પિતાજી, બધુ તૈયાર થઈ ગયું છે, તો ચાલો સૌ પ્રથમ ગોવર્ધન પર્વતની પૂજા કરીએ, એમકહી ભુદેવને બોલાવીને ગોવર્ધન બનાવી તે પર ધજાઓ ખોસીને કુમકુમ, ચોખા, ફુલ વડે પૂજા કરી પછી ભગવાનની સન્મુખ ગોવર્ધન રાખી અન્નકૂટ ભરવા લાગ્યા, તે સમયે રામપ્રતાપજી, વશરામતરવાડી, વેણીરામ વગેરે મિત્રો વિવિધ વાનગીઓ થાળમાં ભરી લાવીને ઘનશ્યામ માહારાજના હાથમાં આપે, તે લઈને શ્રીહરિ ઠાકોરજીની આગળ લાઈનબંધ ગોઠવતા હતા. એક બાજુ ધર્મદેવની સાથે ભકતજનો થાળ બોલતા હતા. અન્નકૂટ ગોઠવી શ્રીહરિ ત્યાં આવ્યા. પછી ઘનશ્યામ મહારાજને સાથે રાખી ધર્મદેવે આરતી ઉતારવા લાગ્યા. તે સમયે એક ચમત્કાર થયો, ઠકોરજીની સમીપે ઘનશ્યામ મહારાજ બીજા સ્વરૂપે બેઠા છે. એવા સર્વે ભક્તોને દર્શન થયા. આવું અદ્‌ભુત ચરિત્ર જોઈને સર્વે જનો મહાવિસ્મયને પામ્યા. ત્યાર પછી ભક્તિમાતાએ એક મોટો થાળ કરી ઘનશ્યામ મહારાજને જમવા બેસાડ્યા સાથે ઈચછારામજી પણ જમવા બેઠા. પછી જમી ચળુ કરીને ભાઈની સાથે ઉભા થયા. ત્યાર પછી ધર્મદેવ, રામપ્રતાપજી, વશરામતરવાડી વિગેરે અન્નકૂટનો પ્રસાદ લઈ આવેલા ભક્તોને જમાડવા લાગ્યા. દરેક ભક્તોને જમાડીને પછી પોતે જમતાં હતાં. આમઆખો દિવસ આનંદમાં વ્યતિત થયો.

બાળમિત્રો, તમે પણ દીવાળીના દિવસે દિવળા પ્રગટાવી જીવનને દિપાવજો. અન્નકૂટના દિવસે નવા કપડાં પહેરી દર્શન કરવા જજો. માતા-પિતાને પગે લાગી અને સગાં સંબંધીઓને મળી જય શ્રી સ્વામિનારાયણ કહેજો. અને ઘરમાં પણ ઘર મંદિરમાં ઠાકોરજી આગળ અન્નકૂટ ગોઠવજો.

દિવાળીના, નૂતન વર્ષના ઘણા ઘણા દરેક બાળકોને તથા શ્રી ઘનશ્યામબાળ સંદેશનું વાંચન કરી ઉત્તર આપતા ભક્તોને પણ જય શ્રી સ્વામિનારાયણ...

## -: જ્ઞાન સરિતા :-

### -: જ્ઞાનમાળા:-

૧. દીવાળીના દિવસે કોનું પૂજન કરવામાં આવે છે?
(અ) ચોપડાનું (બ) ધનનું
(ક) તુલસીનું (ડ) લક્ષ્મીનું

૨. દીવાળીના દિવસોમાં ગાયનું પૂજન કયા દિવસે કરવામાં આવે છે?
(અ) કાળીચૌદસ (બ)ધનતેરસ
(ક) વાઘબારસ (ક) દીવાળી

૩. ગોવર્ધન ધારણ કરી શ્રીકૃષ્ણભગવાને કોનું અભિમાન ઉતાર્યુ?
(અ) પૃથ્વી (બ) ઈન્દ્રનું
(ક) કાલીનાગનું (ડ) કંસનું

૪. સર્વે જય બોલો હનુમંતની, આ કિર્તન કોણે બનાવ્યું છે?
(અ)પ્રેમાનંદ સ્વામી (બ) દેવાનંદ સ્વામી
(ક) દયાનંદ સ્વામી (ડ) બ્રહ્માનંદ સ્વામી

૫. દીવાળીની શોભાથી યુકત શ્રીજીમહારાજે સભા કરી છે એ વચનામૃત કયાનું છે?
(અ) કારીયાણી (બ) વડતાલ
(ક) અમદાવાદ (ડ) લોજ

૬. મર્હષિ વાલ્મિક ઋષિએ કયો ગ્રંથ બનાવેલો છે?
(અ) મત્સ્ય પુરાણ (બ) મહાભારત
(ક) રામાયણ (ડ) ભાગવત

૭. દીવાળી કયા ઋતુંમાં આવે છે ?
(અ) શિશિર (બ) વસંત
(ક) વર્ષા (ડ) શરદ

૮. ગુજરાતમાં સૌથી મોટો જીલ્લો કયો છે ?
(અ) ખેડા (બ) નર્મદા (ઉ) કચ્છ (ડ) વડોદરા

૯. કોની નિંદા ન કરવી?
(અ) બ્રાહ્મણ,સાધુ (બ) પતિવ્રતા,ગાય
(ક) તીર્થ,વેદ (ડ) અ.બ.ક.ત્રણેની

૧૦.ધર્મકાર્ય માટે પણ ........... કર્મ કરવું નહિ ?
(અ) વિચારીને (બ) ત્યાગનું
(ક) ધીરજનું (ડ) ચોરનું

## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

ભાદરવા સુદ ૮,૧૮૧૮, પૃથ્વી, દયાનંદ સ્વામી, ૫, મુકતાનંદ સ્વામી,દક્ષિણ,નર્મદા,અ.બ.ક.ત્રણેનો, બપોરે ૧૨

ઉખાણાં :- મંકોડો, મોર, દીવાસળી

સદાચરથી જ આલોક અને પરલોકમાં સુખ મળે છે
નિરંતર આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું

કોઈ પણ જીવ પ્રાણીમાત્રની હિંસા ન કરવી
શાસ્ત્રોમાં અહિંસા છે તે જ મોટો ધર્મ કહ્યો છે


તીર્થને વિષે પણ આત્મઘાત કરવો નહિ
દારુ માંસનું પાન કે ભક્ષણ કરવું નહિ

ધર્મકાર્ય માટે પણ ચોરીનું કર્મ કરવું નહિ
અપશબ્દો કયારેય પણ બોલવા નહિ

પરધર્મ અને કલ્પિત ધર્મનું આચરણ કરવું નહિ
કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરી દેવો.

## -: શબ્દ રચના :-

નીચે આપેલા દીવામાં ભારતીય મહિનાના નામો છુપાયેલા છે તે શોધો.




### સરનામું

નામ..........................................................
ગામ ......................તાલુકો.........................
ઉંમર............શાળા....................................
ધો............. મો.ન......................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૦૦૦/- | ધનજી કેશરા કલ્યાણ પિંડોરીયા | દહીંસરા હાલે લંડન | સુપુત્ર ચિં. સુનિલ અને સુપુત્રી ચિ. ચંદાબેનના લગ્ન નિમિત્તે |
| ૧૧૦/- | વાલજીભાઈ નાનજી ગોગારી | ઘડાની | હિંડોળા મહોત્સવ નિમિત્તે |
| ૩૦૧/- | ભાવિક કલ્યાણ ભુડીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે |
| ૧૦૦/- | ધર્મેન્દ્ર રવજી ભીમજી કેરાઈ | મેઘપર | જન્મદિવસ નિમિત્ત |
| ૧૦૧/- | પ્રતિક ચંદ્રવદન મહેતા હસ્તે ચંદ્રીકાબેન | જામખંભાળીયા | બેબીના જન્મદિવસ નિમિત્તે |
| ૩૦૦/- | અ.નિ. કાનજી શીવજી હિરાણી તથા અ.નિ. ધ.પ. પ્રેમબાઈની પુણ્ય સ્મૃતિમાં બંને મંદિરોમાં પંચાહ્ન પારાયણ નિમિત્તે હ. સુપુત્ર તથા સુપુત્રી હિરાણી પરિવાર હ. અરજણભાઈ | માધાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦/- | કસ્તુરબેન મહેશ ગોવિંદ વરસાણી શ્રી હ. જયેશભાઈ વરસાણી | માધાપર | તેમને ત્યાં પુત્ર રત્ન જન્મનિમિત્તે |
| ૧૦૦/- | શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રકશન કંું. હસ્તે મુકેશભાઈ વરસાણી | કોડકી | પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | ખુશાલ પ્રેમજી જાદવા જોધાણી | ભક્તિનગર માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | પ્રેમજી જાદવા રામજી જોધાણી | ભક્તિનગર માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | હરિશ નારણભાઈ વેકરીયા | સુખપર | દીકરીના જન્મનિમિત્તે |
| ૧૧૧/- | ગોવિંદ કરસન વરસાણી | માધાપર | શ્રી સહજાનંદ એરલાઈન્સ નિમિત્તે |
| ૨૦૦/- | તૃષ્ટી હિતેશ વિશ્રામરૂપાલીયા | સુખપર | જન્મદિવસ નિમિત્તે |
| ૧૦૧/- | દક્ષા રવજી હાલાઈ | મેઘપર | જન્મદિવસ નિમિત્તે |
| ૧૦૦/- | સાકરબેન નારણભાઈ ચોટલીયા | પીપલાણા | અ.નિ. થવાથી તેમના મોક્ષાર્થે |
| ૧૦૦/- | લક્ષ્મણ કલ્યાણ ચોટલીયા | પીપલાણા | ધ.પ. અ.નિ. મંગુબેન અ.નિ.ચેતનાબેનના મોક્ષાર્થે ભેટ |
| ૩૦૦/- | અરજણ લાલજી કચરા દબાસીયા | માધાપર | લંડનમાં શૈક્ષણિક યુ.નિ.માં પૌત્રી જેસીકા, નીના તેમજ દોહિત્રી મીતલ, વિના, અનિતા પાસ થતાં |
| ૧૦૦/- | હિંમતકુમાર લખમશી ઠક્કર | ભુજ | નવી ગાડી વેગેનઆર ખરીદી તે નિમિત્તે |
| ૫૦૦/- | જ્યોત્સનાબેન મહેન્દ્ર જાદવજી ભુડીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે |
| ૧૦૦૦/- | સીયાબેન હરિશ ગોપાલ રાબડીયા | સુખપર | જન્મદિવસ નિમિત્તે |
| ૩૦૦/- | રમેશ વાલજી વરસાણી | કોડકી | દક્ષા સાથે સગપણ નિમિત્તે |
| ૨૦૦/- | કાન્તિલાલ લાલજીભાઈ હિરાણી | કોડકી | મનીષા સાથે સગપણ થતાં તે નિમિત્તે |
| ૨૫૧/- | દિશાબેન સુનિલભાઈ પોકાર | દયાપર હા.ચીખલી વલસાડ | જન્મદિવસ નિમિત્તે |

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૧૧/- | નીતા એમ. પટેલ હ. શિવજી માસ્તર | કોઈમ્બતુર | જન્મદિવસ નિમિત્તે |
| ૧૫૧/- | વીના જયરાજ મેપાણી હ. માયા શિવજી | ઈસ્ટલંડન | ચંપાબેનની સુપુત્રીના લગ્ન નિમિત્તે |
| ૧૫૦/- | રોનક ગોવિંદ સેંઘાણી | નારણપર પસાયતી | જન્મદિવસ નિમિત્તે |
| ૫૦૦/- | હિતેશ અરજણ કેરાઈ | રામપર વેકરા હાલે લંડન | પુત્ર રત્ન શયનના જન્મનિમિત્તે |
| ૫૦૦/- | કસ્તુર મયુર વેકરીયા હ. અરજણ દેવજી કેરાઈ | ઓસ્ટ્રેલીયા | ઓસ્ટ્રેલીયામાં નવું પેટ્રોલ સ્ટેશન ખરીદયું તે નિમિત્તે |
| ૫૦૦/- | મનજી રામજી હીરાણી | નારણપર | નવા મકાનના વાસ્તુ નિમિત્તે |
| ૨૧૧/- | પાર્થ હરેશ પ્રવિણચંદ્ર | ભુજ | જન્મદિવસ નિમિત્તે |
| ૨૫૦/- | ગોવિંદ નાનજી ગોરસીયા | માધાપર | ગોવિંદભાઈના જન્મદિવસ નિમિત્તે |
| ૨૫૧/- | અ.નિ. નાથા મનજી વેકરીયા હસ્તે જાદવા નાથા વેકરીયા | સુખપર | સ્વ. નાથા મનજી વેકરીયાના મોક્ષાર્થે |
| ૧૦૧/- | અમિત જનકભાઈ સોની | માધાપર | સગાઈ નિમિત્ત |
| ૧૦૧/- | પ્રવિણ વિશ્રામહાલાઈ | કોડકી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | મહીન ધનસુખ વેકરીયા ઠાકરાણી | બળદીયા હાલે નૈરોબી | જન્મદિવસ નિમિત્તે |
| ૧૫૧/- | અ.નિ. દિલિપભાઈ ઝવેરીલાલ ગોર હ. કુલદીપભાઈ | ભુજ | તેમના મોક્ષાર્થે નિમિત્તે |
| ૧૫૧/- | શીવજી ધનજી માસ્તર કોઈમ્બતુર | માધાપર | દોહિત્ર હાર્દિક મનોહરન ભુવા હાલે બેંગબોરમાં નોકરી મળતા નિમિત્તે |
| ૧૫૧/- | શીવજી ધનજી માસ્તર | માધાપર | પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીનું મોતીયાનું સારી રીતે ઓપરેશન થતાં નિમિત્તે |
| ૧૦૧/- | દિપકભાઈ ગોવિંદભાઈ હાલાઈ | કોડકી હાલે નૈરોબી | પુત્રના જન્મનિમિત્તે |
| ૧૫૧/- | જ્યોત્સનાબેન માવજીભાઈ હાલાઈ | કુંદનપર | જન્મદિવસ નિમિત્તે |
| ૨૫૧/- | રવજી દેવશી મેપાણી | સુરજપર | આદર્શ અને આયુષના જન્મદિવસ નિમિત્ત |
| ૧૧૧/- | નાનજી જાદવજી વરસાણી | કેરા | સુપુત્ર ચિ. પ્રિન્સના જન્મદિવસ નિમિત્તે |
| ૧૧૧/- | વાલજી લાલજી હીરાણી | કેરા | ચિ. ચંદ્રેશના જન્મદિવસ નિમિત્તે |
| ૧૧૧/- | નાનજી જાદવજી વરસાણી | કેરા | સુપુત્ર ચિ. આશિષના જન્મદિવસ નિમિત્તે |
| ૨૫૧/- | કાન્તિલાલ રવજી સેંઘાણી હ. કાન્તાબેન | નારણપર ઉ.વા. | સુપુત્ર ચિ. કૌશિકના જન્મદિવસ નિમિત્તે |
| ૧૫૧/- | ઈશ્વર હરજી હીરાણી | ભક્તિનગર માનકુવા | ચિ. હર્ષિલના જન્મદિવસ નિમિત્તે |
| ૭૦૦/- | દેવશીભાઈ વરસાણી | માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | ગોપાલ રામજી મેપાણી | બળદીયા | શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | નિલેશભાઈ લક્ષ્મણ હિરાણી | ભક્તિનગર | પુત્ર જન્મનિમિત્તે |






શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય, ભુજમાં રમત-ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થયેલ
વિદ્યાર્થિનીઓને અભિનંદન આપતા મંત્રીશ્રી, આચાર્યાશ્રી અને વ્યાયામ શિક્ષિકા.





શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરના નવનિર્માણ માટેની તૈયારી-વુલ્વીચ. યુ.કે.



આંતરરાષ્ટ્રીય કક્ષાએ મીની ફુટબોલ ટુર્નામેન્ટમાં
ગુજરાતની યંગ ઈલેવન ટીમમાં તૃતીય સ્થાન પ્રાપ્ત
કરનાર વિદ્યાર્થી તથા સંચાલક સંતો, નારણપર ગરૂકુલ,




અન્ડર-૧૯ થ્રો બોલમાં સમગ્ર
ગુજરાતમાં વિજેતા થયેલ ટીમ
શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, ભુજ

RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2014

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ સુવર્ણજયંતી મહોત્સવ અંતર્ગત કાર્યક્રમો



આંતરશાળા સ્પર્ધાઓનો મંગલ પ્રારંભ
દિપ પ્રાગટ્ય કરતા સંતો, ટ્રસ્ટીઓ



કલેકટરશ્રી મહેન્દ્ર પટેલનું અભિવાદન કરતા
કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા




વિજેતા વિદ્યાર્થીઓ સાથે ટ્રસ્ટીઓ,
શિક્ષકગણ અને મહેમાનો.



પરીવર્તની એકાદશીના શ્રી નરનારાયણદેવ આદિ દેવોનું
ધજાનું પૂજન કરતા યજમાનશ્રીઓ, ભુજ.



જલઝીલણી એકાદશીના જળમાં વિહાર કરતા
શ્રીહરિકૃષ્ણ મહારાજ, ભુજ.





તીર્થરાજ શ્રી દ્વારકા અને ગીરનારની યાત્રાએ પધારેલા સંતો-ભુજ.